RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૧૪ મંગળવાર તા.૨૮-૦૭-૨૦૨૬ અંક : ૧૭૮ વર્ષ : ૨૧ jamnagar@aaspassaindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# રાજ્યમાં સરકારી જમીન ફાળવણી હવે વધુ ઝડપી બનશે

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો મહત્વનો નિર્ણય, જિલ્લા કલેક્ટર અને ડીડીઓની સત્તામાં કરાયો મોટો વધારો, અરજદારોને ગાંધીનગરના ધક્કા ઓછા થશે



ગાંધીનગર,

રાજયમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગ આપવા અને વહીવટી પ્રક્રિયાને સરળ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સરકારી જમીનની ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનાવવા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની નાણાકીય સત્તામર્યાદામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. હવે અનેક પ્રકારની જમીન ફાળવણીના નિર્ણયો જિલ્લા કક્ષાએ જ લઈ શકાશે, જેના કારણે અરજદારો અને સંસ્થાઓને ગાંધીનગર સુધી વારંવાર આવવાની જરૂર નહી પડે.

સરકારના જણાવ્યા મુજબ, આ નિર્ણયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ઔદ્યોગિક વિકાસ, જાહેર-સામાજિક હેતુઓ અને ગ્રામીણ વિકાસના પ્રોજેક્ટ્સને ઝડપી મંજૂરી મળી શકશે. સ્થાનિક કક્ષાએ જમીનનો રેકોર્ડ અને સ્થળની સ્થિતિ અંગેની માહિતી ઉપલબ્ધ હોવાથી નિર્ણય પ્રક્રિયા પણ ટૂંકી બનશે.

જિલ્લા કક્ષાએ જ ફોલોઅપ મળી રહેશે સરકારના આ નિર્ણયથી જમીન ફાળવણી સંબંધિત અનેક કામોનો નિકાલ હવે જિલ્લા કક્ષાએ જ થઈ શકશે. સ્થાનિક કક્ષાએ કલેક્ટર અને DDOને નિર્ણય લેવાની વધુ સત્તા મળતા અરજદાર સંસ્થાઓ અને સંબંધિત વિભાગોને પણ જિલ્લા કક્ષાએથી જ સરળતાથી ફોલોઅપ મળી રહેશે. સરકારના મતે, સરકારી પ્રોજેક્ટ્સ તેમજ ઔદ્યોગિક અને સામાજિક હેતુઓ માટે જમીન ફાળવણી ઝડપથી થતાં વિકાસ કાર્યો અને રોજગારીને વેગ મળશે. સાથે જ સરકારી જમીનની કબજાકિંમત અથવા પ્રીમિયમની રકમ પણ ઝડપથી સરકારી તિજોરીમાં જમા થઈ શકશે.

### ત્રણ મહિના બાદ મુદત વધારવાની સત્તા પણ કલેક્ટરને અપાઈ

રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશન અને ભારત સરકારના ખાતાઓને જમીન ફાળવણીના કિસ્સામાં કલેક્ટર દ્વારા ઈન્ટિમેશન જનરેટ કર્યા બાદ કબજા કિંમત અથવા પ્રીમિયમની રકમ ૯૦ દિવસમાં ભરપાઈ ન થાય તો જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની ત્રણ વર્ષની અવધિ પૂર્ણ થાય ત્યાં સુધી મુદત વધારવાની સત્તા પણ કલેક્ટરને આપવામાં આવી છે. આ વ્યવસ્થાથી એક જ પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન અટકશે અને વહીવટી સમયનો બચાવ થશે.

## રાજ્યમાં હવે ધોરણ-૧માં પ્રવેશ માટે બાળવાટિકાનું પ્રમાણપત્ર ફરજિયાત નથી

ગાંધીનગર,

રાજયમાં નવી શિક્ષણ નીતિના અમલીકરણ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટે બાલવાટિકા (પ્રિ-સ્કૂલ) પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર ફરજિયાત હોવાની ગેરસમજ દૂર કરવા શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે.

રાજયમાં નવી શિક્ષણ નીતિના અમલીકરણ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટે બાલવાટિકા (પ્રિ-સ્કૂલ) પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર ફરજિયાત હોવાની ગેરસમજ દૂર કરવા શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. વિભાગે તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી પ્રાથમિક શાળાઓને સૂચના આપી છે કે ધોરણ-૧માં પ્રવેશ માટે માત્ર બાળકની નિર્ધારિત વય અને જન્મનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે. બાલવાટિકાનું પ્રમાણપત્ર રજૂ કરવાની કોઈ કાનૂની ફરજ નથી. તાજેતરમાં કેટલીક ખાનગી શાળાઓ દ્વારા ધોરણ-૧માં પ્રવેશ માટે બાલવાટિકા સર્ટિફિકેટ ફરજિયાત માંગવામાં આવતું હોવાની ફરિયાદો શિક્ષણ વિભાગ સુધી પહોંચી હતી. આ ફરિયાદોને ધ્યાનમાં રાખીને પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ પરિપત્ર જાહેર કરીને સ્પષ્ટ જણાવ્યું છે કે આવી માંગણી કાયદાની જોગવાઈઓને અનુરૂપ નથી.

## મોંઘવારીનો માર : ઓગસ્ટથી ચા, વાહનો, ટીવી, કાર અને કપડાંના ભાવમાં થશે વધારો

### ઈરાન યુદ્ધની પ્રતિકૂળ અસરો હવે સમગ્ર દેશમાં અનુભવાઈ રહી છે, અને વધતી જતી મોંઘવારીથી સામાન્ય લોકોના બજેટ પર દબાણ આવી રહ્યું છે

નવી દિલ્હી,

દેશમાં ઓગસ્ટ મહિનાથી દૈનિક વપરાશની ચીજવસ્તુઓ (હ્લસ્ઝ્રય), ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ ક્ષેત્રે મોટો ભાવવધારો થવા જઈ રહ્યો છે. પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલાં તણાવ અને યુદ્ધની સ્થિતિના કારણે કાચા માલના ભાવ વધ્યાં છે. આ ઉપરાંત દરિયાઈ માલવાહક ભાડાં (ફ્રેટ રેટ) માં થયેલો વધારો અને રૂપિયાનાં મૂલ્યમાં થઈ રહેલી વધ-ઘટને કારણે ઉત્પાદન ખર્ચ વધી જતાં કંપનીઓએ ભાવવધારો કરવાનો નિર્ણય લીધો છે.

ચાલું વર્ષે મોટાભાગની કેટેગરીમાં આ ત્રીજો ભાવવધારો હશે. આગામી મહિનાથી પેક્ડ ચા, હેર ઓઈલ, રેફ્રિજરેટર, ટેલિવિઝન, બ્રાન્ડેડ કપડાં અને પેસેન્જર વાહનોની કિંમતોમાં ૬ થી ૮ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે. જોકે, કંપનીઓ આશા રાખી રહી છે કે તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલાં જ આ ભાવવધારો પૂરો કરી લેવામાં આવે, જેથી ઓગસ્ટમાં ઓણમથી શરૂ થઈને નવરાત્રિ અને દિવાળી સુધી ચાલનારી તહેવારોની ખરીદી પર તેની બહુ મોટી અસર ન પડે.

## ઈરાન સાથે વાતચીતનો ઉકેલ નહીં આવે તો ફરી હુમલા કરીશું: ટ્રમ્પ

### છેલ્લા ૧૪ દિવસમાં ઈરાનને ભારે નુકસાન થયું, જેના કારણે તેઓ વાતચીત માટે તૈયાર થયાનો ટ્રમ્પનો દાવો ઈરાને નકાર્યો

વોશિંગટન,

ઈઝરાયલ અને લેબનાન વચ્ચે આગામી તબક્કાની મહત્વપૂર્ણ વાતચીત ૪ ઓગસ્ટે ઈટાલીના રોમમાં યોજાશેઅમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે ઈરાન સાથે વાતચીત ચાલુ છે. તેમણે કહ્યું કે તેમને આશા છે કે તેનો કોઈ ઉકેલ નીકળી જશે. પરંતુ જો વાતચીત નિષ્ફળ રહી તો અમેરિકા ફરીથી ઈરાન પર હવાઈ હુમલા શરૂ કરશે.



એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો, 'છેલ્લા ૧૪ દિવસમાં ઈરાનને ભારે નુકસાન થયું છે. આ પછી તેમણે અમને કહ્યું કે હુમલા રોકો અને વાતચીત કરીએ.' જોકે, ઈરાને આ દાવાને નકારી કાઢ્યો. તેહરાનનું કહેવું છે કે તેણે અમેરિકા સાથે વાતચીતની પહેલ કરી નથી.

ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકાએ હાલમાં ઈરાન પર હવાઈ હુમલા રોકી રાખ્યા છે. બંને દેશો વચ્ચે મધ્યસ્થીઓ દ્વારા વાતચીત ચાલી રહી છે, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટ સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર હજુ પણ સહમતિ બની શકી નથી.અમેરિકાએ કહ્યું છે કે ઈઝરાયલ અને લેબનાન વચ્ચે આગામી તબક્કાની વાતચીત ૪ ઓગસ્ટે ઈટાલીની રાજધાની રોમમાં થશે. અમેરિકી વિદેશ વિભાગ અનુસાર, બંને દેશોની ટેકનિકલ ટીમો જૂનમાં થયેલા ફ્રેમવર્ક એગ્રીમેન્ટને લાગુ કરવા પર ચર્ચા કરશે. બેઠકમાં સરહદ સંબંધિત બાકીના વિવાદો, પાયલટ ઝોનનું વિસ્તરણ અને કાયમી શાંતિ અને સુરક્ષા કરાર પર વાતચીત થશે. કરાર હેઠળ, પહેલા લેબનાની સેના સમગ્ર દેશમાં પોતાનું નિયંત્રણ મજબૂત કરશે અને હિઝબુલ્લાહના હથિયારોના નિરસ્ત્રીકરણની પુષ્ટિ થશે.

### ૩ દિવસમાં હોર્મુઝમાંથી માત્ર ૨૯ જહાજો પસાર

દરિયાઈ જહાજોને ટ્રેક કરતી મરીન ટ્રાફિક અનુસાર, ૨૪ થી ૨૬ જુલાઈની વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી કુલ ૨૯ જહાજો પસાર થયા. તેમાંથી ૨૧ જહાજો બહાર નીકળ્યા, જ્યારે ૮ જહાજો અંદર ગયા.આ જ સમયગાળા દરમિયાન, બાબ-અલ-મંદેબ સ્ટ્રેટમાંથી ૧૦૦ જહાજોની અવરજવર નોંધાઈ. તેમાંથી ૫૧ જહાજો રેડ સીમાં પ્રવેશ્યા, જ્યારે ૪૯ જહાજો બહાર નીકળ્યા.

## PoKના રાવલકોટમાં સુરક્ષા દળોનું અંધાધૂંધ ફાયરીંગ, ૯ લોકોના મોત

### સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ, ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દેવાઈ

કાશ્મીર,

પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીર (PoK)ના રાવલકોટમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. સ્થાનિક લોકોના વિરોધ પ્રદર્શન પર પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા કથિત ગોળીબાર બાદ ભારે હિંસા ફાટી નીકળી છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ છે અને ઈન્ટરનેટ સેવાઓ પણ સ્થગિત કરી દેવામાં આવી છે.

રાવલકોટમાં પોતાની વિવિધ માંગણીઓને લઈને સ્થાનિક લોકો રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર કથિત રીતે ગોળીબાર શરૂ કરી દીધો હતો. જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC)ના જણાવ્યા અનુસાર, આ ગોળીબારમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૯ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય અહેવાલોમાં મૃત્યુઆંક આનાથી પણ વધુ હોવાનું કહેવાઈ રહ્યું છે. કમિટી દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ મૃતકોમાં ઉસ્માન નઝીર, કાશિફ, મોહમ્મદ ઈબ્રાહિમ, અરસલ અસગર, હનીફ મોહમ્મદ બશીર, વસીમ અફઝલ, બાબિત શાહ અને સાબિર ખાન સામેલ છે. PoKમાં જૂન મહિનાની શરૂઆતથી જ મોટા પાયે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. સ્થાનિક લોકો દ્વારા ધરણાં, રેલીઓ અને જાહેર વાહનવ્યવહાર તેમજ દુકાનો અને અન્ય વ્યવસાયો બંધ રાખીને પોતાનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. આ આંદોલન શરૂ થયું ત્યારથી જ પ્રદર્શનકારીઓ અને સ્થાનિક પોલીસ તેમજ અર્ધસૈનિક દળો વચ્ચે અવારનવાર હિંસક ઝઘડા થઈ રહ્યા છે, જેમાં સામાન્ય નાગરિકોની સાથે કેટલાક સુરક્ષાકર્મીઓએ પણ જીવ ગુમાવ્યા છે.સ્થાનિક નાગરિકો અને સંગઠનો પોતાની કેટલીક પડતર માગણીઓને લઈને વિરોધ કરી રહ્યા છે. તેમની મુખ્ય માગણીઓમાં સ્થાનિક વિધાનસભામાં ૧૨ અનામત બેઠકોની વ્યવસ્થા નાબૂદ કરવી, સ્થાનિક લોકોને વધુ રાજકીય પ્રતિનિધિત્વ આપવું, ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોને તાત્કાલિક મુક્ત કરવા તેમજ વીજળીના દરો અને અન્ય આર્થિક મુદ્દાઓમાં સુધારો કરીને બહેતર શાસન વ્યવસ્થા પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

## ભારતમાં ૧૦-૨૦ની પ્લાસ્ટિક નોટો આવશે:નવી નોટો ફાટશે નહીં!

### કેન્દ્ર સરકારે આપી મંજૂરી: નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી, પાણી-ધૂળથી પણ સુરક્ષિત રહેશે

નવીદિલ્હી,

ભારતીય બજારમાં ટૂંક સમયમાં જ રૂ.૧૦ અને ૨૦ની પ્લાસ્ટિક નોટો જોવા મળશે. રિઝર્વ બેંક ૧૦૦-૧૦૦ કરોડ એટલે કે કુલ ૨૦૦ કરોડ પોલિમર એટલે કે પ્લાસ્ટિકથી બનેલી નોટો છાપશે. આ પ્લાસ્ટિક કરન્સીનું ટ્રાયલ હશે, જો આ સફળ થશે તો આગળ બીજી નોટો પણ છાપવામાં આવશે.કેન્દ્ર સરકારે આની મંજૂરી આપી દીધી છે. આ માહિતી નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ સોમવારે લોકસભામાં આપી હતી. જોકે, પોલિમર નોટોનું ટ્રાયલ ક્યારે શરૂ થશે, તેની તારીખની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.

પોલિમર બેંકનોટનું ટ્રાયલ સફળ થયા પછી ઈૈં ૧૦ અને ૨૦ બંને મૂલ્યની નોટોને નિયમિત રીતે જાહેર કરશે. જોકે કાગળની હાલની કરન્સી પણ ચાલતી રહેશે. તેને બંધ કરવામાં નહીં આવે. ૧૦ દિવસ પહેલા મીડિયા રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું હતું કે RBI ટૂંક સમયમાં દેશમાં પોલિમરથી બનેલી નોટોનો પહેલો પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે. આ દેશમાં નવી જનરેશનની કરન્સી લાવવાના ઈૈંના પ્લાનનું આગળનું પગલું છે.

આ સમગ્ર પ્રોજેક્ટની તૈયારીઓ ત્યારે તેજ બની ગઈ, જ્યારે RBIના નોટ-પ્રિન્ટિંગ યુનિટે વૈશ્વિક સ્તરે 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' (EOI) જારી કર્યું. આ ટેન્ડર ખાસ પ્રકારની 'પોલિમર સબસ્ટ્રેટ શીટ'ના ઉત્પાદન અને સપ્લાય માટે મંગાવવામાં આવ્યું છે, જેનો ઉપયોગ આ નોટો છાપવા માટે થાય છે.

દસ્તાવેજો અનુસાર, વિશ્વભરના ઉત્પાદકોને અદ્યતન સુરક્ષા સુવિધાઓથી સજ્જ પોલિમર સબસ્ટ્રેટના સપ્લાય માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ટેન્ડર હેઠળ બોલીઓ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૮ ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે.

## હિમાચલના ચંબામાં ખીણમાં ખાબકી કાર, એક જ પરિવારના પાંચ વ્યક્તિઓના મોત

### પરિવાર પોતાની દીકરીની ચંદીગઢમાં સારવાર કરાવીને ઘર પાછો ફરી રહ્યો હતો

ચંબા,

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે સોમવારે મોડી રાત્રે એક ભીષણ માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના પાંચ લોકોનાં મોત નીપજ્યાં છે. આ અકસ્માત ભરમાંવ-પઠાણકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર લાહડ વિસ્તાર પાસે થયો, જ્યાં એક ઓલ્ટો કાર અનિયંત્રિત થઈને ઊંડી ખીણમાં પડી. પ્રાપ્ત માહિતી મુજબ પરિવાર પોતાની માસૂમ દીકરીની સારવાર પીજીઆઈ ચંદીગઢમાં કરાવીને ઘર પાછો ફરી રહ્યો હતો. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ, પ્રશાસન અને રાહત તથા બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કલાકોની જહેમત બાદ બચાવ દળ દ્વારા ખીણમાંથી તમામ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.

SDM ડેલહાઉસી અનિલ ભારદ્વાજે પુષ્ટિ કરી કે અકસ્માતમાં જીવ ગુમાવનાર તમામ પાંચ લોકો એક જ પરિવારના સભ્યો હતા. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. પ્રાથમિક તપાસમાં એવું માનવામાં આવી રહ્યું છે કે દુર્ઘટના સમયે વિસ્તારમાં ભારે વરસાદ, ખરાબ હવામાન, ગાઢ ધુમ્મસ અને રસ્તા લપસણા હતા. ધૂમ્મસના કારણે વિઝિબિલિટી ખરાબ હોવાથી



ચાલક વાહન પરથી કાબૂ ગુમાવી બેઠો અને કાર ઊંડી ખીણમાં પડી. જોકે દુર્ઘટનાના વાસ્તવિક કારણોની જાણ પોલીસ તપાસ પૂરી થયા પછી જ થઈ શકશે.

ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક ધારાસભ્ય જનક રાજે ઊંડો શોક વ્યક્ત કર્યો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે બનીખેતના લાહડ વિસ્તારમાં માર્ગ અકસ્માતમાં ગેહરાના પાંચ લોકોનાં મોતની ખબર અત્યંત હૃદયદ્રાવક છે. તેમણે ભગવાન મહાદેવને દિવંગત આત્માઓની શાંતિ અને શોકગ્રસ્ત પરિવારને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપવાની પ્રાર્થના કરી. બીજી તરફ પોલીસે ગુનો નોંધીને અકસ્માતની તપાસ શરૂ કરી દીધી છે. વહીવટીતંત્રએ ચોમાસા દરમિયાન પહાડી માર્ગો પર મુસાફરી કરતા લોકોને વિશેષ સાવચેતી રાખવા અને ખરાબ હવામાનમાં બિનજરૂરી મુસાફરી ન કરવાની અપીલ કરી છે.

## આંદોલન બાદ ડાન્સ પાર્ટી અંગે કોકરોચ જનતા પાર્ટીની સ્પષ્ટતા,ફાઈવ નહીં, ૩-સ્ટાર હોટેલ હતી

### ૩૭ દિવસ સુધી રસ્તા પર રહીને આંદોલનમાં સંઘર્ષ કરનારા વોલન્ટિયર્સનું સન્માન કરવાનો કાર્યક્રમ હતો

નવીદિલ્હી,

કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે પાર્ટીના સ્વયંસેવકોની ઉજવણી અને ડાન્સના વાઈરલ વીડિયો પર ઉઠેલા સવાલોનો કડક શબ્દોમાં જવાબ આપ્યો છે. તેણે સ્પષ્ટતા કરી છે કે આ ઉજવણી કોઈ ફાઈવ-સ્ટાર હોટેલમાં નહોતી, પરંતુ બે-ત્રણ સ્ટાર જેવી સામાન્ય બેઝમેન્ટ હોલમાં યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ અન્ય રાજ્યોમાંથી આવેલા અને ૩૭ દિવસ સુધી રસ્તા પર રહીને આંદોલનમાં સંઘર્ષ કરનારા ૧૫૦ થી ૨૦૦ જેટલા વોલન્ટિયર્સનું સન્માન કરવાનો અને તેમનો આભાર વ્યક્ત કરવાનો હતો. સોશિયલ મીડિયા પર માત્ર ઉજવણીના દ્રશ્યો વાઈરલ થયા છે, પરંતુ તે પહેલાં તમામ સ્વયંસેવકો સાથે હૃદયપૂર્વકની વાતચીત અને ફીડબેક સેશન યોજાયું હતું.

ઉજવણીના વિવાદ વચ્ચે CJP એ સરકાર સામેનું પોતાનું દબાણ યથાવત રાખ્યું છે. પાર્ટીએ પ્રદર્શનકારીઓ સામેના તમામ FIR પાછા ખેંચવા માટે સરકારને ૨૪ કલાકનું કડક અલ્ટીમેટમ આપ્યું છે. ત્રીજા તબક્કાની વાતચીત બાદ થયેલી સમજૂતી મુજબ સરકારે મંગળવાર સુધીમાં તમામ કેસો પાછા ખેંચવાની લેખિત ખાતરી આપવાની હતી. સૌરવ દાસે ચેતવણી આપી છે કે જો સરકાર આ સમયમર્યાદામાં લેખિતમાં પુષ્ટિ નહી કરે, તો દિલ્હીમાં ફરીથી મોટા પાયે રાષ્ટ્રવ્યાપી આંદોલનનું એલાન કરવામાં આવશે. સાથે જ માત્ર "શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ" નામના છદ્મ હેઠળ પોલીસ દ્વારા મનસ્વી કાર્યવાહી કરવાની છૂટ આપતી શરતને પણ તેમણે ફગાવી દીધી હતી.

# ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને બૂસ્ટર ડોઝઃ રૂ ૨,૯૯૯ કરોડથી વધુના ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને આપી લીલી ઝંડી

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વિવિધ પ્રોજેક્ટોને મંજુરી મળી

ગાંધીનગર,
મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને રોજગારી નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતા ગુજરાત સરકારે આજે સોમવારે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ હેઠળ ?૨,૯૯૯ કરોડથી વધુના રોકાણ ધરાવતા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય કમિટીઓની શ્રેણીબદ્ધ બેઠકો દરમિયાન આ પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપવામાં આવી હતી.

ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ દ્વારા રોકાણ અને રોજગારીને વેગ

ગુજરાતને સામાજિક-આર્થિક વિકાસની દિવાદાંડી અને વિશ્વના સૌથી આકર્ષક રોકાણ સ્થાનોમાંથી એક બનાવવાના વિઝન સાથે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ 'ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ' યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના રાજ્યમાં સ્થાપિત થતા પાત્રતા ધરાવતા ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. રિફંડ/સહાય આપે છે.

આ નીતિએ અત્યાર સુધીમાં ગુજરાતભરમાં ? ૧૪૮,૩૩૬.૩૫ કરોડના રોકાણને આકર્ષિત કર્યું છે



અને ૧,૬૫,૦૫૩ સીધી રોજગારીનું સર્જન કર્યું છે. આ રોકાણોએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ના વિકાસને પણ ઝડપી બનાવ્યો છે, જેનાથી રાજ્યમાં ઉદ્યોગ-અનુકૂળ ઈકોસિસ્ટમ તૈયાર થઈ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મોટા પાયે રોકાણ આકર્ષીને અને નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરીને ગુજરાતને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે અગ્રેસર બનાવવાનો છે.

### જિલ્લાવાર મંજૂર થયેલું રોકાણ

● અમદાવાદઃ ઓટોમોબાઈલ, મેટલ, સિમેન્ટ અને કોંક્રીટ ક્ષેત્રે રૂ ૫૨૮.૪૯ કરોડ ● કચ્છઃ મેટલ સેક્ટરમાં રૂ ૩૩૨.૭૧ કરોડ ● ગાંધીનગરઃ મેટલ સેક્ટરમાં રૂ ૩૫.૪૧ કરોડ ●ભરૂચઃ મેટલ સેક્ટરમાં રૂ ૧૨.૨૬ કરોડ ● મહેસાણાઃ પ્લાસ્ટિક અને મેટલ સેક્ટરમાં રૂ ૩૦૧.૧૬ કરોડ ● મોરબીઃ સિરામિક, કેમિકલ, પેપર અને પ્લાસ્ટિક સેક્ટરમાં રૂ ૪૮૦.૧૬ કરોડ ● વડોદરાઃ કેમિકલ સેક્ટરમાં રૂ ૧૦૨.૯૪ કરોડ ●સાબરકાંઠાઃ સિરામિક સેક્ટરમાં રૂ ૧૧૦.૪૨ કરોડ ● સુરતઃ ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ અને મેટલ સેક્ટરમાં રૂ ૭૪.૪૯ કરોડ

# વિવાદાસ્પદ કીર્તિ પટેલના તમામ સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર ભારતમાં પ્રતિબંધ

ગાંધીનગર,
રાજ્યમાં પોતાને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર તરીકે પ્રસ્થાપિત કરતી કીર્તિ પટેલ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે જેમાં તેમના તમામ સોશીયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધિત (બેન) કરવામાં આવ્યા છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી અવારનવાર વિવાદોમાં રહેતી અને ૧.૩ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતી વિવાદાસ્પદ સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ સામે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી કરવામાં આવી છે. કીર્તિ પટેલના ઈન્સ્ટાગ્રામ પરના મુખ્ય આઈડી તેમજ અન્ય એકાઉન્ટ્સ પર ભારતમાં સત્તાવાર રીતે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા આઈડી બ્લોક થયા બાદ કીર્તિ પટેલે કટાક્ષમાં કહ્યું હતું કે, "હું યુ.કે., લંડન, કેનેડા, યુએસએ, દુબઈ... આઈ એમ ફોરેનર ભૂરી, યુ નો!" તેણે વધુમાં ધમકી આપી હતી કે હવે તે રાત-દિવસ એક કરીને ૨૪ કલાક સોશિયલ મીડિયા પર સક્રિય રહેશે અને લાઈવ આવીને વિરોધીઓને જડબાતોડ જવાબ આપશે.

કીર્તિ પટેલ સામેના વિવાદો અને અપરાધિક ઈતિહાસનું ટાઈમલાઈનવર્ષ ૨૦૧૭ - માણસા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો,વર્ષ ૨૦૧૯ - અમરોલીમાં ધાકધમકીનો કેસ, વર્ષ ૨૦૨૦ - સુરતના પુણામાં હત્યાનો પ્રયાસ અને કામરેજમાં ધાકધમકી,,વર્ષ ૨૦૨૧-૨૦૨૨ - પાટણમાં મારામારી, જૂનાગઢના ભેશાણમાં રાયોટિંગ,વર્ષ ૨૦૨૨-૨૦૨૩ - અમદાવાદના વસ્ત્રાપુરમાં ખંડણી, બદનક્ષી અને મારામારી,,વર્ષ ૨૦૨૪ - બિલ્ડરની બદનક્ષી અને ખંડણીનો કેસ,વર્ષ ૨૦૨૬ - જૂનાગઢ પીઆઈને ધમકી, ફરજમાં રૂકાવટ, મુગી કુંડમાં ગેરકાયદે પ્રવેશ, છેતરપિંડી અને અશ્લીલ કૃત્યો,વર્ષ ૨૦૨૬ જુલાઈ - સુરતમાં બદનક્ષી અને ધમકી અંગે નવી ફરિયાદ.

# સાગબારાના જંગલની જમીન મુદ્દે સાંસદ મનસુખ વસાવા ફરી મેદાને, અહિંસક લડતનું લડવાનું આહ્વાન

## ૧૦થી ૧૨ ગામોના ખેડૂતાની લાંબા સમયથી જંગલ જમીન પર પોતાના હક્ક માટે લડત

નર્મદા,
નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલ જમીનના હક્કનો મુદ્દો ફરી એકવાર ગરમાયો છે. ખોપી ગામે સાંસદ મનસુખ વસાવાએ ખેડૂતો સાથે બેઠક યોજી અહિંસક લડતનું આહ્વાન કર્યું છે. નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ગામે સાંસદ મનસુખ વસાવાએ જંગલ જમીનના ખેડાણના મુદ્દે ખેડૂતો સાથે બેઠક યોજી હતી.અંદાજે ૧૦થી ૧૨ ગામોના ખેડૂતો લાંબા સમયથી જંગલ જમીન પર પોતાના હક્ક માટે લડત ચલાવી રહ્યા છે. હવે આ લડતમાં સાંસદ મનસુખ વસાવા પણ ખેડૂતોના સમર્થનમાં ખુલ્લેઆમ મેદાને ઉતર્યા છે.

બેઠક દરમિયાન સાંસદે ખેડૂતોને જંગલ જમીન સંબંધિત કાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું અને પોતાના અધિકારો માટે કાયદેસરની રીતે લડત લડવાની અપીલ કરી.સાંસદ મનસુખ વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વન વિભાગના અધિકારીઓ કે કર્મચારીઓ સાથે કોઈપણ પ્રકારનું ઘર્ષણ કે અથડામણ કરવી નહીં, પરંતુ મહાત્મા ગાંધીના અહિંસાના માર્ગે રહી શાંતિપૂર્ણ રીતે પોતાના હક્ક માટે સંઘર્ષ ચાલુ રાખવો.

સાંસદ મનસુખ વસાવાએ ખેડૂતોને વિશ્વાસ અપાવતા કહ્યું કે જ્યાં સુધી જંગલ જમીનના પ્રશ્નનો કાયમી ઉકેલ નહીં આવે, ત્યાં સુધી તેઓ ખેડૂતોની સાથે ખભે ખભા મિલાવી ઊભા રહેશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત શિપ બિલ્ડીંગ એન્ડ રિપેર પોલિસી-૨૦૨૬ લોન્ચ કરી

## ગુજરાત-૨૦૪૭થી સક્રિય સહભાગી થઈને વૈશ્વિક સ્તરે એક સ્પર્ધાત્મક શિપ બિલ્ડીંગ ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે

ગાંધીનગર,
દેશમાં સૌથી વધુ ૨૩૪૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતમાં વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ, અદ્યતન ટેકનોલોજી, સસ્ટેબલ ડેવલપમેન્ટ અને ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી પોલીસીઝના આધારે ગુજરાતને દેશના અગ્રણી શિપ બિલ્ડીંગ અને રિપેર સેન્ટર તરીકે આ પોલીસી પ્રસ્થાપિત કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારતનું જે વિઝન આપ્યું છે તેને ગુજરાત આ મહત્વાકાંક્ષી પોલિસીથી સાકાર કરશે. એટલું જ નહીં, આ



પોલીસી ભારત સરકારની શિપ બિલ્ડિંગ ફાઈનાન્સિયલ એસસીસ્ટન્ટ સ્કીમ-૨૦૨૫ એસબીએફએએસ અને મેરીટાઈમ વિઝન ૨૦૪૭ તેમજ આત્મનિર્ભર ભારતના વ્યાપક લક્ષ્ય સાથે સુસંગત છે.

રાજ્યનું વિકસિત બંદર માળખું, મજબૂત ઔદ્યોગિક પરિસ્થિતિ અને સમૃદ્ધ દરિયાઈ વારસો એ આ નીતિના મુખ્ય આધારસ્તંભો છે. આ નીતિ અન્વયે મુખ્ય સ્તંભો પર આધારિત બહુઆયામી વિકાસ વ્યૂહરચના અપનાવવામાં આવશે જેમા શિપયાર્ડ્સ અને સહાયક ઉદ્યોગોનો વિકાસ, કૌશલ્ય વિકાસ અને ક્ષમતાવર્ધન, ટકાઉ અને ગ્રીન શિપયાર્ડ્સને પ્રોત્સાહન, શિપયાર્ડ્સને સ્માર્ટ શિપયાર્ડ્સમાં રૂપાંતરિત કરવું તથા શિપબિલ્ડિંગ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ અને આરએન્ડડીને પ્રોત્સાહન નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોન્ચ કરેલી આ નીતિનું એક મહત્વપૂર્ણ આકર્ષણ ઈન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્કનો વિકાસ છે.

# હિંમતનગર નજીકનો હિરણપુરા બેરેજ ઉપરવાસમાં ભારે વરસાદને કારણે છલકાયો

હિંમતનગર,
હિંમતનગર નજીક દેરોલ પાસે આવેલો હિરપુરા બેરેજ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે છલકાઈ ગયો છે. મળતી માહિતી અનુસાર બેરેજમાં હાલ ૯૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે ૧૦૦૦ ક્યુસેક જેટલું પાણી નિયંત્રિત રીતે સાબરમતી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્રએ સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના કુલ આઠ ગામોને એલર્ટ કર્યા છે અને સાબરમતી નદીના કાંઠે વસતા લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. ગયા અઠવાડીયે ઉપરવાસમાં ભારે વરસાદના પગલે બેરેજમાં ૯૦૦ ક્યુસેકની આવક, ૧૦૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડાયું

સતત વરસાદને કારણે બેરેજમાં પાણીની આવક વધી રહી છે. હાલની સ્થિતિએ ૧૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, પરંતુ જો ઉપરવાસમાં ફરી ભારે વરસાદ થશે તો બેરેજના ગેટ ખોલવાની ફરજ પડી શકે છે. આને ધ્યાનમાં રાખીને તંત્રએ સંભવિત અસરગ્રસ્ત ગામોને પહેલાથી જ સતર્ક કરી દીધા છે.

સરકારી તંત્ર દ્વારા ખાસ કરીને નદીના પટમાં પશુઓને ચરાવવા ન લઈ જવા, માછીમારી ન કરવા અને ખનીજ વહન જેવી પ્રવૃત્તિઓથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તંત્રની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવા જણાવાયું છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. હિરપુરા બેરેજ માત્ર પાણી સંગ્રહનું માળખું નથી, પરંતુ આશરે ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલો આ બેરેજ સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના ૧૦૦થી વધુ ગામો માટે પાણીનો મહત્વનો સ્ત્રોત છે.

# વડોદરા પોલીસની કુખ્યાત સિંધી ગેંગના મુખ્ય સૂત્રધાર હેરી સિંધી સહિત ૯ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી

## નરેન્દ્ર, રોહિત, દીપક અને ભરત નામના ચાર મુખ્ય સાગરીતોની ધરપકડ

વડોદરા,
સંસ્કારી નગરી વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને અસામાજિક તત્વોને ડામી દેવા માટે વડોદરા શહેર પોલીસે લાલ આંખ કરી છે. શહેરના વારસિયા વિસ્તારમાં લાંબા સમયથી દાદાગીરી, ખંડણી, મારપીટ અને ગેરકાયદે દારૂની હેરાફેરી જેવા ગંભીર ગુનાઓ આચરતી કુખ્યાત સિંધી ગેંગના મુખ્ય સૂત્રધાર હેરી સિંધી સહિત ૯ શખ્સો સામે પોલીસે ગુજસીટોક હેઠળ કડક ગુનો નોંધ્યો છે.

વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં સંગઠિત ગુનાખોરી આચરતી આ ગેંગ પર સકંજો કસવા માટે પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન પોલીસે નરેન્દ્ર, રોહિત, દીપક અને ભરત નામના ચાર મુખ્ય સાગરીતોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. જ્યારે ગેંગનો મુખ્ય સૂત્રધાર હેરી સિંધી અને તેના અન્ય પાંચ ફરાર સાગરીતોને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ તપાસમાં સામે આવેલા ચોંકાવનારા ખુલાસા મુજબ, એક સમયે અલ્પૂ સિંધી અને હેરી સિંધી વચ્ચે ગાઢ મિત્રતા હતી. પરંતુ વડોદરાના ગુનાહિત સામ્રાજ્ય અને વિસ્તારો પર પોતાના વર્ચસ્વની હોડમાં આ મિત્રતા કટ્ટર દુશ્મનીમાં ફેરવાઈ ગઈ હતી. ત્યારબાદ શહેરમાં ખંડણી, મારપીટ અને ગેંગવોર જેવી ઘટનાઓનું પ્રમાણ વધ્યું હતું. આ ગેંગ અન્ય રાજ્યોમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂનો મોટો જથ્થો ઘૂસાડીને આખું નેટવર્ક ચલાવતી હોવાનું પણ સામે આવ્યું છે.

ઝોન-૪ ડીસીપી એન્ડ્રૂ મેકવાને પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે, શહેરમાં શાંતિ રોળવાનો પ્રયાસ કરનાર કે ગુંડાતત્વોની દાદાગીરી ચલાવનાર કોઈપણ ગુનેગારને બક્ષવામાં આવશે નહીં. વડોદરા પોલીસે એકપછી એક કુખ્યાત ગેંગો પર ગુજસીટોકનું શસ્ત્ર ઉગામીને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે શહેરમાં ગુનાખોરી સાંખી લેવાશે નહીં. ચાર આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે અને બાકીના આરોપીઓ પણ ટૂંક સમયમાં પોલીસના શિકંજામાં હશે.

# કવાંટમાં કીચડભર્યા રસ્તે શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાનો કાફલો ફસાયો

## મંત્રીના કવાંટ તાલુકાના પ્રવાસ દરમિયાન અંતરિયાળ વિસ્તારના રસ્તાઓની વાસ્તવિક સ્થિતિ સામે આવી



છોટાઉદેપુર,
રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના પ્રવાસ દરમિયાન અંતરિયાળ વિસ્તારના રસ્તાઓની વાસ્તવિક સ્થિતિ સામે આવી છે. સરકારી કાર્યક્રમ માટે જતા સમયે તેમનો કાફલો કીચડભર્યા અને અત્યંત બિસ્માર કાચા રસ્તામાં ફસાઈ જતાં તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવી પડી હતી.

મળતી માહિતી મુજબ, શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા જિલ્લા કલેક્ટર, સ્થાનિક ધારાસભ્ય અને અન્ય અધિકારીઓ સાથે કવાંટ તાલુકાના હાફેશ્વર અને માનુકલા ગામે નવનિર્મિત 'કન્ટેનર શાળા'ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા. જોકે ગામ તરફ જતો અંદાજે ૬ કિલોમીટરનો કાચો માર્ગ ભારે વરસાદને કારણે કીચડમય, ઉબડખાબડ અને ડુંગરાળ બની ગયો હતો.માર્ગની ખરાબ સ્થિતિને કારણે મંત્રીની સરકારી કાર આગળ વધી શકી નહોતી. ત્યારબાદ તેમને આગળનો પ્રવાસ પૂર્ણ કરવા માટે મામલતદારની ગાડીમાં બેસીને જવું પડ્યું. બીજી તરફ અધિકારીઓએ તાત્કાલિક JCB મશીન બોલાવી રસ્તા પર માટી અને કાંકરી પાથરીને માર્ગને વાહનવ્યવહાર માટે યોગ્ય બનાવવાનો પ્રયાસ કર્યો.

# અમદાવાદ રામોલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસના ત્રણેય આરોપીઓ જેલ હવાલે

અમદાવાદ,
થોડા દિવસ અગાઉ શહેરના રામોલ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટ કેસમાં મહત્વપૂર્ણ કાર્યવાહી થઈ છે. સાત દિવસના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં મુખ્ય આરોપી મેહુલ ડોડિયા, રમીલા ડોડિયા અને સાદિકને અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે ત્રણેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી જેલ હવાલે કરવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ બ્લાસ્ટમાં કુલ ૧૦ લોકોના કરુણ મોત થયા હતા, જેમાં ચાર સગીરોનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાએ સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચાવી હતી.



આરોપીઓના રિમાન્ડ દરમિયાન પોલીસે ગેરકાયદેસર રીતે ફટાકડાની ફેક્ટરી ચલાવવાના મામલે અનેક પાસાઓની તપાસ કરી છે. સરકાર પક્ષના જણાવ્યા મુજબ હજુ પણ તપાસ પૂર્ણ થઈ નથી અને આરોપીઓના અન્ય ભાગીદારો, અન્ય કોઈ ગેરકાયદેસર ફેક્ટરી અથવા દારૂખાનાનો જથ્થો અન્યત્ર સંતાડ્યો છે કે નહીં તેની તપાસ ચાલુ છે. સાથે જ આરોપીઓના મોબાઈલ ફોન રિકવર કરી કોલ ડેટા રેકોર્ડના આધારે વધુ પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

સરકારી વકીલે અગાઉ કોર્ટમાં રજૂઆત કરી હતી કે ઘટના સ્થળનું રિકન્સ્ટ્રક્શન, ડિજિટલ પુરાવા અને સમગ્ર ષડયંત્રની તપાસ માટે પોલીસ કસ્ટડી જરૂરી હતી. તપાસ દરમિયાન એ દિશામાં પણ તપાસ ચાલી રહી છે કે પરવાનગી વગર વર્ષોથી ચાલતી આ ફેક્ટરી અંગે કોઈ છસ્ઝ અધિકારીની સંડોવણી હતી કે નહીં.તપાસમાં વધુ એક ગંભીર પાસું સામે આવ્યું છે. વર્ષ ૨૦૧૪માં પણ સહ-આરોપી રમીલા ડોડિયાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. તે સમયે ફેક્ટરી બંધ કરાયા બાદ પણ ફરીથી જરૂરી પરવાનગી વગર ગેરકાયદેસર રીતે ફેક્ટરી શરૂ કરવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

# ઉત્તર ગુજરાતથી દક્ષિણ ગુજરાત સુધી વ્યાપક નુકસાન, અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ

## રાજ્યના અનેક સ્થળોએ તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરી રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી

અમદાવાદ,
રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદે ગુજરાતના અનેક જિલ્લાઓમાં જનજીવન અસ્તવ્યસ્ત બનાવી દીધું છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, અમદાવાદ જિલ્લો, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, રસ્તાઓ ધોવાઈ જવા, વાહનવ્યવહાર ખોરવાઈ જવા અને ખેડૂતોને નુકસાન જેવી પરિસ્થિતિઓ સામે આવી રહી છે. અનેક સ્થળોએ તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરી રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

મહેસાણા જિલ્લાના વિજાપુર નજીક હિરપુરા બેરેજમાં ઉપરવાસમાંથી ભારે પાણીની આવક નોંધાતા સાબરમતી નદીમાં પાણી છોડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં બેરેજમાં આશરે ૯૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. તંત્રે વિજાપુરથી હિંમતનગર સુધીના નદીકાંઠાના ગામોને એલર્ટ કરી નદીમાં ન જવા તેમજ પશુઓને પણ નદીના પટમાં ન લઈ જવાની સૂચના આપી છે.

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદથી અનેક રસ્તાઓ ધોવાઈ ગયા છે. વિઠોદર ગામમાં શાળાએ જવાનો મુખ્ય માર્ગ તૂટી જતાં વિદ્યાર્થીઓ, ખેડૂતો અને પશુપાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિકોએ તાત્કાલિક માર્ગનું સમારકામ કરવાની માંગ કરી છે.

ડીસા-આગડોલ વચ્ચેનો આશરે ૪થી ૫ કિલોમીટરનો માર્ગ કાદવમાં ફેરવાઈ ગયો છે. ટ્રેક્ટર સિવાય અન્ય કોઈ વાહન પસાર થઈ શકે તેવી સ્થિતિ નથી. છેલ્લા પાંચથી સાત દિવસથી વિદ્યાર્થીઓ શાળાએ જઈ શક્યા નથી, જ્યારે દૂધ ભરાવવા માટે પશુપાલકોને ટ્રેક્ટરનો સહારો લેવો પડી રહ્યો છે. અનેક રજૂઆતો છતાં કાયમી રસ્તો ન બનતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સાબરકાંઠાના પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે માત્ર ત્રણ મહિના પહેલા બનેલા ઓવરબ્રિજમાં ગાબડાં પડતાં વાહનચાલકોમાં ભયનો માહોલ છે. ઓવરબ્રિજનો સ્લેબ બેસી જતાં લોકો તંત્ર અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સવાલો ઉઠાવી રહ્યા છે. ઘટનાને લઈને બેદરકારી અને ભ્રષ્ટાચારના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

સુરતના પર્વત ગામની શાંતિકુંજ સોસાયટીમાં બે દિવસ બાદ પાણી ઓસરતાં રહેવાસીઓ પોતાના ઘરોની સફાઈમાં લાગી ગયા છે. ઘરોમાં ઘરવખરી અને ઈલેક્ટ્રોનિક સાધનોને ભારે નુકસાન પહોંચ્યું છે. છેલ્લા માત્ર ૧૫ દિવસમાં બીજી વખત પાણી ભરાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# રખડતા શ્વાનના મામલાને ગંભીર જાહેર હિતનો મુદ્દો માની ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો કાર્યવાહી હાથ ધરી

## રાજ્ય,કેન્દ્ર સરકાર, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા તેમજ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓને નોટિસ ફટકારી

અમદાવાદ,
દિવસે ને દિવસે રખડતા શ્વાનોના હુમલાના કિસ્સાઓ, શ્વાન ના લીધે માર્ગ અકસ્માતોમાં વધારો થતા ગંભીર જાહેર હિતનો મુદ્દો માની ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો કાર્યવાહી હાથ ધરી છે. હાઈકોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા તેમજ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓને નોટિસ ફટકારી છે.

સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ



કર્યું કે રખડતા શ્વાનોની સમસ્યા હવે માત્ર શહેરી વિસ્તારો પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ ગ્રામ્ય વિસ્તારો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર પણ લોકોના જીવ અને સુરક્ષા માટે ગંભીર પડકાર બની રહી છે. શ્વાન કરડવાના બનાવો, બાળકો અને વૃદ્ધો પર થતા હુમલા તેમજ રસ્તા પર અચાનક દોડી આવતાં શ્વાનોના કારણે અકસ્માતોની વધતી ઘટનાઓને કોર્ટે ગંભીરતાથી નોંધ લીધી છે.

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને તમામ મહાનગરપાલિકાઓને અત્યાર સુધીમાં રખડતા શ્વાનોના નિયંત્રણ, સ્ટેરિલાઈઝેશન (નસબંધી), રસીકરણ, પુનર્વસન અને વસ્તી નિયંત્રણ માટે કયા પગલાં લેવામાં આવ્યા છે તેનો વિગતવાર અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

# જામનગરમાં બીએએમએસ વર્ષ-૩ના શલ્યના પેપર લીક મુદ્દે યુવક કોંગ્રેસ-એનએસયુઆઈનું આવેદન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈ જામનગર શહેર દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિને આવેદનપત્ર પાઠવી બીએએમએસ વર્ષ-૩ના શલ્ય તંત્ર વિષયની પરીક્ષા પહેલાં પ્રશ્નપત્રના મુદ્દાઓ વોટ્સએપ પર વાયરલ થયાના આક્ષેપની ઉચ્ચસ્તરીય અને પારદર્શક તપાસ કરવાની માંગ કરી છે. સંગઠનોએ આ ઘટનાને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથેના ગંભીર ચેડાં તરીકે ગણાવ્યો છે.

આવેદનમાં જણાવાયું છે કે તા. ૨૦ જુલાઈના રોજ લેખિત ફરિયાદ મળ્યા બાદ પણ યુનિવર્સિટી તરફથી હજુ સુધી તપાસ કે કાર્યવાહી અંગે કોઈ સ્પષ્ટ માહિતી જાહેર કરવામાં આવી નથી. આ વિલંબ અંગે સ્પષ્ટતા કરવાની પણ માંગ કરવામાં આવી છે.

યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈએ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા અધિકારી, કર્મચારી અથવા અન્ય કોઈ વ્યક્તિ જવાબદાર જણાય તો તેમની સામે ગુજરાત પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૩ હેઠળ તાત્કાલિક ફોજદારી કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ તપાસ સમિતિની રચના કરી સાત દિવસમાં જાહેર અહેવાલ રજૂ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે પેપર લીકની ઘટનાથી પ્રમાણિક વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાથી પુનઃપરીક્ષા અથવા અન્ય યોગ્ય નિર્ણય લઈ વિદ્યાર્થીઓને ન્યાય આપવામાં આવે. સમયસર યોગ્ય કાર્યવાહી નહી થાય તો યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા લોકશાહી ઢબે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ આવેદન યુવક કોંગ્રેસ જામનગર શહેરના પ્રમુખ મહિપાલસિંહ એ. જાડેજા (ડાડા) તથા એનએસયુઆઈ જામનગર શહેરના પ્રમુખ રવિરાજસિંહ વી. ગોહિલના હસ્તાક્ષરથી આપવામાં આવ્યું છે.

### બેઠક રોડ પર ૨૫ હજાર ચો.ફૂટ જમીન પર કરાયું નિર્માણ

# જામનગર જિલ્લા સહકારી બેંકની મુખ્ય કચેરીની આધુનિક વિશાળ ઈમારતનું આજે ઉદ્‌ઘાટન

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે સાંજે વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન

જામનગર : જામનગર જિલ્લા સહકારી બેંકની મુખ્ય કચેરીના અત્યાધુનિક અને વિશાળ ઈમારત "સહકાર ભવન"નું ઉદઘાટન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે આજે સાંજે થશે. તેઓ વર્ચ્યુઅલ રીતે આ સમારોહમાં જોડાશે. હાલારના સહકારી ક્ષેત્રની આ બેંકની મુખ્ય કચેરી છેલ્લા ૬૭ વર્ષથી જયાં કાર્યરત હતી, ત્યાં જગ્યા ટુંકી પડતાં નવી ઈમારત માટે બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ માટે મહાપ્રભુજી બેઠક રોડ પર ૨૫ હજાર ચો.ફુટ જમીન પસંદ કરવામાં આવ્યા પછી ૪૭ હજાર ચો.ફુટ બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં ભોંયતળીયું અને ચાર મજલાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં અદ્યતન-વિશાળ લોકરરૂમ તેમજ ખેડુતો-સભાસદો માટે રાત્રિ રોકાણની સવલત માટે વાતાનુકુલિત રૂમો અને તેઓને માત્ર રૂા.૫૦માં શુધ્ધ-સાત્વિક ભોજન મળી રહે તે માટે કેન્ટીનની સગવડ પણ આપવામાં આવી છે અને બેંકની જરૂરીયાત મુજબ અધિકારીઓ-કર્મચારીઓને બેઠક વ્યવસ્થા સાથે સેમીનાર-મીટીંગ માટે અલાયદો વિશાળ હોલ પણ બનાવવામાં આવ્યો છે.

જામનગર જિલ્લા સહકારી બેંકની આ નવનિર્મિત મુખ્ય કચેરીની ભવ્ય ઈમારતનું ઉદઘાટન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે આજે તા.૨૮-૭-૨૬ના સાંજે ૪-૩૦ કલાકે વર્ચ્યુઅલ ઉપસ્થિતિ સાથે થશે. જેમાં રાજયના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી પણ વર્ચ્યુઅલી જોડાશે.

આ ઉદઘાટન સમારોહમાં કો.ઓ. બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન તેમજ ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકના ચેરમેને અજયભાઈ પટેલ સવિશેષ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત રાજયના શિક્ષણ મંત્રી (રાજયકક્ષા) રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, સાંસદ (રાજયસભા) જીતેન્દ્રભાઈ કણઝારીયા, પ્રદેશ ભાજપના સહકારીતા સેલના અધ્યક્ષ બિપીનભાઈ પટેલ (ગોતા), ધારાસભ્યો સર્વ રાઘવજીભાઈ પટેલ, પબુભા માણેક, દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા, હેમતભાઈ ખવા, જામનગર જીલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, દ્વારકા જિ.પં.ના પ્રમુખ ગોરીબેન હાથીયા, જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ ડો.વિનોદભાઈ ભંડેરી, દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી અતિથી વિશેષ તરીકે આ ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં જોડાવા હાલારની સહકારી અગ્રણીઓને ખેડુતો અને જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### જામનગરમાં ગુરૂ સ્વરૂપ દક્ષિણામૂર્તિ મહાદેવનું અનોખુ મંદિર



જામનગર : જામનગરમા હવાઈચોકમાં મહાદેવનું અનોખુ મંદિર આવેલુ છે. શિવાલયોમાં શિવલિંગ સ્વરૂપે મહાદેવની આરાધના થતી હોય છે પરંતુ હવાઈ ચોકમાં આવેલ શ્રી દક્ષિણામૂર્તિ મહાદેવ મંદિરમાં ભગવાન શિવની મૂર્તિ સ્વરૂપે પૂજા થાય છે. દક્ષિણામૂર્તિ શિવનું આ રૂપ ગુરૂ સ્વરૂપ તરીકે પણ પૂજાય છે ત્યારે ગુરૂ પૂર્ણિમા પર અહીં વિશેષ પૂજા-આરાધના કરવામાં આવે છે.

# જામનગરમાં સાળાના ઘરે નશો કરી તોફાન મચાવનાર બનેવીની અટકાયત

જામનગર : જામનગર શહેરના ખારવા ચકલા વિસ્તારમાં બહેનના ઘરે દારૂના નશામાં આવી તોફાન મચાવનાર બનેવી સામે સીટી એ ડિવિઝન પોલીસે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધ્યો છે.

શહેરન્સ ખારવા ચકલા, ભગવાનસંગ બાપુની શેરી, સીધીના ડેલામાં રહેતા હાર્દીકભાઈ ચંદ્રેશભાઈ જુંગીવારાના ઘરે તેમના બનેવી યોગેશભાઈ ખીમજીભાઈ બાદરશા (રહે. કીર્તિમંદિર, માણેક ચોક, પોરબંદર) દારૂના નશામાં આવી બોલાચાલી કરી તોફાન મચાવ્યું હતું. પરિવારજનોએ તાત્કાલિક ૧૧૨ પર જાણ કરતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી.

પોલીસે યોગેશભાઈને સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશને લાવી યોગેશભાઈ ખીમજીભાઈ બાદરશા સામે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની કલમ ૬૬(૧)(બ) અને ૮૫(૧) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામજોધપુરમાં દારૂના નશામાં બે ભાઈઓ હોબાળો મચાવતા બહેને પકડાવી દીધા

જામજોધપુર : જામજોધપુર તાલુકાના આંબેડકર ચોક વિસ્તારમાં દારૂના નશામાં જાહેરમાં હોબાળો મચાવનારા બે સગા ભાઈઓ સામે તેમની જ સગી બહેને ૧૧૨ ઈમરજન્સી સેવા પર ફોન કરી પોલીસને બોલાવી હતી. પોલીસે બંનેને પકડી પ્રોહિબિશન અધિનિયમ હેઠળ અલગ-અલગ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ જામજોધપુરમાં આંબેડકર ચોકમાં રહેતી હર્ષાબેન કાંતિભાઈ રાબડીયાએ જણાવ્યું હતું કે, ૨૧ જુલાઈની મોડી રાત્રે તેમના ભાઈઓ પ્રવિણભાઈ કાંતિભાઈ રાબડીયા અને રજનીશભાઈ કાંતિભાઈ રાબડીયા દારૂના નશામાં ઘરની નીચે ઊભા રહી મોટેથી બૂમાબૂમ અને હોબાળો કરી રહ્યા હતા. પરિસ્થિતિ અસહ્ય બનતાં તેમણે ૧૧૨ પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. જેથી

પોલીસ ટીમ સ્થળ પર પહોંચી બંને ભાઈઓને જામજોધપુર પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં બંનેની અટકાયત કરી તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દ્વારકાના ગઢેચી ગામે દેશી દારૂ બનાવવાનો ભઠ્ઠી ઝડપાઈ : સંચાલક ફરાર

દ્વારકા : દ્વારકા તાલુકાના ગઢેચી ગામે વાડી વિસ્તારમાં પોલીસે દરોડો પાડી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપી લીધી હતી જેમાં દેશી દારૂ બનાવવાનો આથો, દેશી પીવાનો દારૂ અને સાધન - સામગ્રી સહિત એક લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ સંચાલકને ફરાર જાહેર કરી આગળની તપાસ આરંભી હતી.

મળતી માહિતી મુજબ દ્વારકા તાલુકાના ગઢેચી ગામે જિલ્લાની એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો અને અહીં વાડી વિસ્તારમાં રહેતા રણધીર શુક્લભા માણેક નામના શખ્સની કબ્જા ભોગવટાની વાડીએથી ૩૧૨૫૦ ની કિંમતનો દેશી દારૂ બનાવવાનો ૧૨૫૦ લીટર કાચો આથો અને રૂ. ૭૬ હજારની કિંમતનો પીવાનો દેશી દારૂ તેમજ દારૂ ઉકાળવાના સાધનો સહિતની સામગ્રી મળી આવતા કુલમળી રૂ. ૧.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આ શખ્સ હાજર નહીં મળી આવતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# જામજોધપુરમાં આવકનો દાખલો કઢાવવા આવેલ યુવકના બાઈકની ઉઠાંતરી

જામજોધપુર : જામજોધપુર મામલતદાર કચેરી ખાતે આવકનો દાખલો કઢાવવા ગયેલા બમથીયા ગામના એક માલધારી યુવકનું પાર્ક કરેલું મોટરસાઈકલ અજાણ્યો શખ્સ ચોરી કરી જતાં પોલીસમાં ગુનો નોંધાયો છે.

બમથીયા ગામે રહેતા અને માલધારીનો વ્યવસાય કરતા બુધાભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ગત ૨૦ જુલાઈના રોજ તેમની માતા પરમાબેન સાથે આવકનો દાખલો કઢાવવા જામજોધપુર મામલતદાર કચેરીએ આવ્યા હતા. રસ્તો બંધ હોવાથી તેમણે પોતાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ (રજિસ્ટ્રેશન નંબર જી.જે. ૧૦ - ઈ.એ. ૬૯૫૩) સ.વા.પ.વા. સ્કૂલના ખૂણા પાસે પાર્ક કરી હતી. ઉતાવળમાં મોટરસાઈકલમાં ચાવી પણ રહી ગઈ હતી. ત્યારબાદ તેઓ મામલતદાર કચેરી સામે આવેલી વકીલની ઓફિસમાં જરૂરી કાગળી કાર્યવાહી માટે ગયા હતા.

થોડીવાર બાદ પરત ફરતાં પાર્ક કરેલું મોટરસાઈકલ સ્થળ પરથી ગાયબ હતું. ફરિયાદી તથા તેમના ભાઈ હરદાસભાઈએ આસપાસના વિસ્તારમાં તેમજ પોતાની રીતે ઘણા દિવસો સુધી શોધખોળ કરી હતી, પરંતુ મોટરસાઈકલનો કોઈ પત્તો નહિ લાગતા ફરિયાદ નોંધાવી છે.

# દ્વારકાની પવિત્ર ગોમતી નદીમાં ગેરકાયેસર માછીમારી પર પ્રતિબંધ

દ્વારકા : દ્વારકામાં દ્વારકાધીશ મંદિરે દર્શન કરવા દેશભરમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતા હોય દ્વારકાધીશ ગોમતી નદીમાં પણ સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્વય હોય દર વર્ષે બહોળી સંખ્યામાં દર્શનાર્થીઓ પવિત્ર ગોમતી સ્નાન કરવા આવતા હોય છે. આ પવિત્ર નદીમાં અવાર-નવાર અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદેસર રીતે માછીમારી કરવામાં આવતી હોવાના લીધે દ્વારકા દર્શને આવતા શ્રધ્ધાળુઓની ધાર્મિ( લાગણી દુભાતી હોય તેમજ સ્નાન કરતી મહિલાઓ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાવવાની શકયતાના કારણે ગોમતી નદીમાં થતી ગેરકાયદેસર માછીમારી પર પ્રતિબંધ મૂકવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકા દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે.

ગોમતી નદી પર સંગમનારાયણ મંદિરથી જૂના ગોમતી ઘાટ તથા નવા ગોમતી ઘાટ, કિર્તીસ્તંભથી દ્વારકાધીશ મંદિર પાર્કિંગ સુધી તેમજ ગોમતી નદીના સામા કિનારે લક્ષ્મીનારાયણ પંચનદ તીર્થ (પંચકુઈ) મંદિરના નજીકના કિનારાથી ૧૦૦ મીટરની ત્રિજયાથી લઈ ગોમતી નદીનો પ્રવાહ સમુદ્રમાં મળે ત્યાં સુધી ગોમતી નદીના બંને કિનારે તમામ પ્રકારની બોટ/હોડી તથા પગડિયા માછીમારો દ્વારા માછીમારી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

આ જાહેરનામું તા.૨૧-૯ સુધી અમલમાં રહેશે જેનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે કાનુની કાર્યવાહી પાત્ર થશે.

# જામનગર આઈ.ટી.આઈ. દ્વારા 'કૌશલ્ય ગૌરવ સન્માન' તથા એલ્યુમની મીટ યોજાઈ



જામનગર : ગુજરાત રાજયમાં કૌશલ્ય નિર્માણ કરતી અગ્રણી સંસ્થાઓ પૈકીની એક એવી ઔદ્યોગિક સંસ્થા આઈ.ટી.આઈ. જામનગર દ્વારા સંસ્થાના પ્રાંગણમાં 'કૌશલ્ય ગૌરવ સન્માન' તથા ભૂતપૂર્વ તાલીમાર્થી સમ્મેલન યોજાયુ. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૫૭થી અવિરતપણે યુવાનોને સ્કીલ આધારિત તાલીમ આપી રોજગારી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવામાં આ સંસ્થા મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

આ પ્રેરણાદાયી સમ્મેલનમાં આઈ.ટી.આઈ. જામનગરના વિવિધ ટ્રેડના ભૂતપૂર્વ પાસ આઉટ તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને લાગણીસભર હાજરી આપી હતી. પોતપોતાના ક્ષેત્રે કારકિર્દીમાં વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ભૂતપૂર્વ તાલીમાર્થીઓને સંસ્થા દ્વારા 'કૌશલ્ય ગૌરવ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. એવોર્ડ મેળવનાર તમામ સફળ ઉમેદવારોએ પોતાની સફળતાનો શ્રેય સંસ્થાને આપતાં પ્રત્યક્ષ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ ગીતા મશીન ટુલ્સના મેનેજિંગ ડિરેક્ટર સરદારસિંહ જાડેજા તથા વેંકટેશ એન્જિનિયરિંગ વર્ક્સના ડિરેક્ટર સાબુની પ્રેરક ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. મંચસ્થ મહાનુભાવો તેમજ પાસ આઉટ તાલીમાર્થીઓએ આ પ્રકારના ઉત્કૃષ્ટ આયોજન બદલ સમગ્ર આઈ.ટી.આઈ. જામનગર પરિવારને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંતે આઈ.ટી.આઈ. જામનગરના આચાર્ય આર.એસ. ત્રિવેદીએ ઉપસ્થિત તમામ અતિથિ વિશેષો, ઉદ્યોગપતિઓ તેમજ ભૂતપૂર્વ તાલીમાર્થીઓનો કાર્યક્રમમાં હાજરી આપી તેને યાદગાર બનાવવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# દ્વારકામાં જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

દ્વારકા : દ્વારકામાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સને દરોડા દરમિયાન સ્થાનિક પોલીસે પકડી પાડી સ્થળપરથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત રૂ. ૪૬ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ સામે જુગારધારા હેઠળ આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ દ્વારકા શહેરમાં ટીવી સ્ટેશન પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા અર્જુનસિંહ ચંદુભા પરમાર, સમીયાભા જોધાભા સરિયા, ઈમરાન ઈશાક મોખા, અસગર હારૂન કાબાવલીયા અને કરમણ ધના વીકમા નામના પાંચ શખ્સને દરોડા દરમિયાન સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૫૩૮૦ ની રોકડ રકમ તેમજ રૂ. ૩૫ હજારની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૪૬૩૮૦ ની માલમતા કબ્જે કરી હતી.

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**શુદ્ધિપત્ર**

ટેન્ડર સૂચના નં. DRM/RJT/E-Tender/2026-2027/16 (EL) તા. 04.07.2026 અંગેનું શુદ્ધિપત્ર (તારીખમાં વધારો); કામનું નામ: રાજકોટ મંડળ: હાપા સ્ટેશનના પ્લેટફોર્મ નં. 01 અને 02 પર સ્થાપિત લિફ્ટ માટે 03 વર્ષના વ્યાપક વાર્ષિક જાળવણી કરાર; ટેન્ડર ખોલવાની તારીખ 27.07.2026 ના બદલે હવે 03.08.2026 રહેશે; વેબસાઇટ: www.ireps.gov.in RJT – 094

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સનું સમારકામ અને જાળવણી**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૩ (ઈએલ) તારીખ : ૨૪.૦૭.૨૦૨૬ (I) કામનું નામ: રાજકોટ ડિવિઝન: રાજકોટ ડિવિઝન પર વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સનું ૩ વર્ષ માટે સમારકામ અને જાળવણી કરવાનું કામ. (ii) અંદાજિત પડતર: ₹ ૭૧,૮૪,૪૬૫.૫૦/- (iii) ઈએમડી પડતર: ₹ ૧,૪૩,૭૦૦/- (iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: તા.૧૭-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી (v) ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગત: www.ireps.gov.in RJT-093

અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**OHE માં ફેરફાર તથા વધારાના કામ**

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/26-27/20 તા. 27.07.2026; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-26-27-20; (i) કામનું નામ: હાપા ખાતે નવી લૂપ લાઇન નં. 5, 6 અને 7A ના નિર્માણના અનુસંધાનમાં OHE માં ફેરફાર તથા વધારાના કામ. (ii) અંદાજિત ખર્ચ: ₹ 3,59,71,948.15/- ફક્ત; (iii) અર્નેસ્ટ મની: ₹ 7,19,400.00/-; (iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય: તા. 21.08.2026ના 15:00 કલાક સુધી. RJT 095

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ટીઆરડી ની વિશ્વસનીયતા સુધારવાનું કાર્ય**

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/26-27/10R2 તા. 27.07.2026; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-26-27-10R2; (i) કામનું નામ: રાજકોટ મંડળના વિવિધ સ્થળોએ કેન્ટીલીવર પર ડબલ ઇન્ક્લાઇન્ડ ડ્રોપરની જોગવાઈ દ્વારા ટીઆરડી ની વિશ્વસનીયતા સુધારવાનું કાર્ય. (ii) અંદાજિત ખર્ચ: ₹ 1,11,40,220.00/- ફક્ત; (iii) અર્નેસ્ટ મની: ₹ 2,22,800.00/-; (iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય: તા. 21.08.2026ના 15:00 કલાક સુધી. RJT 097

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# જામનગરના શ્રી ૫ નવતનપુરી ધામ (ખીજડા મંદિર) ખાતે આવતીકાલે 'ગુરુ પૂર્ણિમા'ની ઉજવણી



જામનગર : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ, નિજાનંદ સંપ્રદાયની મુખ્ય આચાર્યપીઠ તરીકે ઓળખાતી છોટીકાશી એવા જામનગરની પવિત્ર ભૂમિ પર આવેલા શ્રી ૫ નવતનપુરી ધામ (ખીજડા મંદિર) ખાતે આવતીકાલ ગુરુ પૂર્ણિમા ઉત્સવની અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને ધામધૂમથી ઉજવણી માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદ્ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજના પાવન અને પ્રેરણાદાયી સાનિધ્યમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવનો તા. ૨૯ બુધવારે સવારે ૯ વાગ્યાથી ઉજવણીનો પ્રારંભ થશે. આ પવિત્ર દિવસે દેશ-વિદેશથી હજારો પ્રણામી ધર્માવલંબીઓ તથા સ્થાનિક શ્રદ્ધાળુઓ પોતાના સદ્ગુરુના ચરણોમાં શીશ નમાવવા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે પધારશે. ખીજડા મંદિર ખાતે સવારે ૯ વાગ્યાથી મંદિર પરિસરમાં પરંપરાગત અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સદ્ગુરુ પૂજન, આરતી અને ગુરુવંદના યોજાશે. ત્યારબાદ જગદ્ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ ભક્તોને આશીર્વચન પાઠવશે.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે સરકારી ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલ સ્થિત બ્લડબેંકના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે જેમાં સવારે ૯.૦૦ વાગ્યાથી ગુરુ પૂર્ણિમા નિમિત્તે રક્તદાન કેમ્પમાં સર્વે ભક્તો અને શહેરીજનોને રક્તદાન કરી માનવ જિંદગી બચાવવા આહવાન કરાયું છે. શ્રી ૫ નવતનપુરી ધામ સંત સભા તેમજ ટ્રસ્ટ દ્વારા જામનગરની ધર્મપ્રેમી જનતા તથા સમસ્ત સુંદરસાથજી ભાવિકોને આ ગુરુ પૂજન, રક્તદાન કેમ્પમાં લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કાલાવડના પીઠડીયા ગામે ૪૮ ચપલા સાથે શખ્સની અટકાયત

જામનગર : કાલાવડ તાલુકાના પીઠડીયા ગામેથી એક આદિવાસી શખ્સને કાલાવડ ગ્રામ્ય પોલીસે ઈંગ્લિશ દારૂના ૪૮ નંગ ચપલા સાથે પકડી પાડી તેના વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કાલાવડ તાલુકાના પીઠડીયા ગામે આવેલી મુકેશભાઈ પટેલની વાડીમાં રહેતો અને ખેત મજૂરી કરતો ડુંગરસિંહ ધનસિંહ બોડડીયા નામનો શખ્સ ગામમાં આવેલ વાછરડાડાના મંદિર પાસેથી પસાર થતો હોય આ વેળાએ સ્થાનિક પોલીસ સ્ટાફે અટકાવી તલાસી લેતા તેના પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના ૪૮ નંગ ચપલા મળી આવતા અટકાયત કરી રૂ. ૯૬૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## પેપર લીક કૌભાંડ સામે ડિજિટલ ઇન્ડિયાનો પડકાર

તાજેતરમાં પેપર લીક ને ઘટનાને કારણે દેશભરમાં મોટો વિવાદ ચાલી રહ્યો છે. આ દુષણને જડમૂળમાંથી ડામી દેવા માટે ભારત સરકારે વિશ્વવિખ્યાત ટેકનોલોજીના ભીષ્મપિતા ગણાતા ઇન્ફોસીસ ના નિર્માતા અને પ્રેરક નંદન નીલકેણીની નિમણૂક કરી છે.વિદ્યાર્થીના જીવનમાં પરીક્ષા એ માત્ર એક પ્રશ્નપત્ર નથી હોતું, તે તેના વર્ષોની મહેનત, તેના માતા-પિતાના સપના અને તેના ભવિષ્યની દિશા નક્કી કરતો અવસર હોય છે. જ્યારે આ જ પરીક્ષાનું પેપર લીક થાય છે, ત્યારે માત્ર એક કાગળ બહાર નથી આવતો, પરંતુ લાખો યુવાનોના વિશ્વાસનું ભવન ધરાશાયી થઈ જાય છે. તાજેતરના સમયમાં દેશના અનેક રાજ્યોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ભરતી પરીક્ષાઓ અને બોર્ડની પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓએ શિક્ષણ વ્યવસ્થા અને ભરતી તંત્રની વિશ્વસનીયતા સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. આ પૃષ્ઠભૂમિમાં સરકાર દ્વારા પેપર લીક કૌભાંડને રોકવા માટે વિશેષ ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય એ માત્ર એક વહીવટી પગલું નથી, પરંતુ તંત્રએ પોતાની ભૂલ સ્વીકારીને સુધારા તરફ આગળ વધવાની તૈયારી બતાવી છે તેનો સંકેત છે.પેપર લીકની ઘટના એકલ દોકલ ગુનેગારનું કૃત્ય નથી રહ્યું. તેની પાછળ એક સુવ્યવસ્થિત માફિયા સક્રિય હોય છે. પ્રશ્નપત્ર તૈયાર થાય ત્યારથી લઈને પ્રિન્ટિંગ પ્રેસ, ટ્રાન્સપોર્ટેશન, સ્ટ્રોંગ રૂમ અને પરીક્ષા કેન્દ્ર સુધીની લાંબી ચેઇનમાં અનેક સ્તરે નબળાઈઓ રહેલી હોય છે. ક્યાંક પૈસાની લાલચ, ક્યાંક સત્તાનો પ્રભાવ અને ક્યાંક તંત્રની બેદરકારી આ કૌભાંડને જન્મ આપે છે. એક પેપર લાખો રૂપિયામાં વેચાય છે અને તેની સીધી અસર એ મહેનતુ વિદ્યાર્થી પર પડે છે જે રાત-દિવસ એક કરીને તૈયારી કરતો હોય છે. જ્યારે લાયક વિદ્યાર્થી નાપાસ થાય છે અને ગેરમાર્ગે પેપર મેળવનાર પાસ થઈ જાય છે, ત્યારે સમાજમાં એક ખતરનાક સંદેશ જાય છે કે મહેનતનું કોઈ મૂલ્ય નથી, માત્ર જુગાડ જ ચાલે છે. આ વિચાર યુવા પેઢીને સૌથી વધુ નુકસાન કરે છે.આવી સ્થિતિમાં સામાન્ય પોલીસ તપાસ પૂરતી સાબિત થતી નથી. કારણ કે આ ગુનો માત્ર એક જિલ્લા કે એક રાજ્ય પૂરતો સીમિત નથી હોતો. તેની જાળ આંતરરાજ્ય સ્તરે ફેલાયેલી હોય છે. સાયબર માધ્યમથી પેપર વહેંચાય છે, ડાર્ક વેબ અને ટેલિગ્રામ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ થાય છે અને પૈસાની લેવડ-દેવડ પણ ડિજિટલ રીતે એવી રીતે થાય છે કે તેને પકડવી મુશ્કેલ બને છે. તેથી જ એક એવી વિશેષ અને સમર્પિત ટાસ્ક ફોર્સની જરૂર હતી જે માત્ર આ જ પ્રકારના ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે. સરકાર દ્વારા જાહેર કરાયેલી આ ટાસ્ક ફોર્સ આ ખામીને પૂરી કરવાનો પ્રયાસ છે.આ ટાસ્ક ફોર્સની રચના પાછળનો મુખ્ય ઉદ્દેશ માત્ર લીક થયા પછી ગુનેગારોને પકડવાનો નથી, પરંતુ લીક થાય તે પહેલા જ તેને અટકાવવાનો છે. એટલે કે તેની ભૂમિકા પ્રતિક્રિયાત્મક નહીં પરંતુ નિવારક હોવી જોઈએ. આ ટાસ્ક ફોર્સમાં સાયબર ક્રાઈમ નિષ્ણાતો, ગુપ્તચર વિભાગના અધિકારીઓ, શિક્ષણ વિભાગના અનુભવી અધિકારીઓ અને પ્રશાસનિક અધિકારીઓનો સમાવેશ કરવામાં આવે તો તે વધુ અસરકારક બની શકે છે.

# બુઢાપે દીકરાનું જતન

**ભરયુવાનીમાં એકનો એક દીકરો પાગલ થઈને શહેરમાં એક સર્કલની ફુટપાથ પર પડી રહેતો હોવાથી બુઢાપે પહોંચેલાં તેના માબાપ દરરોજ દીકરાને જમાડવા સર્કલે પહોંચીને તેનું જતન કરે છે.**

વાતાવરણમાં ધુમ્મસ છવાયેલું હતું, ધીમે ધીમે સૂરજ નીકળતો હતો અને તડકો ફેલાતો હતો અને ધુમ્મસનું પડ તુટતું જતું હતું. એટલે શહેરની ઊંચી ઊંચી ઈમારતો દેખાવા લાગી. રસ્તા પરની ભીનાશ સુકાતી ગઈ અને વૃક્ષોનાં પર્ણો પર જામી ગયેલું ઝાકળ ઉડતું ગયું. કાગળ પરના ચિત્રમાં રંગની પીછી ફરતી જાય અને દૃશ્ય સાફ, સુથરું, સુંદર બનતું જાય તે રીતે શહેરના રસ્તા, ફુટપાથ, વૃક્ષો, મકાનો બધું સાફ થતું ગયું. ધીમે ધીમે સળવળીને શહેર બેઠું થયું તે વખતે ફુટપાથ પર ચત્તોપાટ પડેલો એક પાગલ જાગી ગયો અને આંખો ચોળતાં ફાટેલું, મેલુ, ગંધાતુ ગોદડું દૂર કરીને ચાની તલાશમાં નીકળી પડ્યો. ગંદી ગટરના નાળા નીચેથી બહાર આવેલું એક કુતરુ ચામડી થરોતું જોરજોરથી ભસતું રસ્તો ક્રોસ કરી ગયુ. ચાર રસ્તા વચ્ચેના સર્કલ પર ચાની સગડી પેટાવતા કીટલીવાળાની આસપાસ ચાના તલાપીઓ બગાસા ખાતા, આળસ મરડતાં, થુંકતા બેઠા છે અને પેટાવેલી સગડીના કોલસાનો ધૂમાડો ઘુમરાતો ઘુમરાતો અધ્ધર ચડતો હતો અને પાગલનો શ્વાસ નીચે બેસતો ગયો.

શહેરની સિટીબસનો પહેલો રાઉન્ડ શરૂ થયો, છાપા વેચનારો છોકરો સાયકલના કેરીયર પાછળ છાપાની થપ્પી લગાવીને જોરજોરથી પેડલ મારતો સર્કલ પરથી પસાર થઈ ગયો. દૂધની કેબીન ખુલતાની સાથે ફ્રિજમાંથી દૂધની થેલી કાઢીને દુકાનદારે આ ચાની રેંકડીએ પહોંચાડી.

સર્કલના એક છેડે ખાટલા પર સૂતેલો બગીચાનો માળી આ જનમ દમનો દરદી હોવાથી સદા હાંફતો રહે છે. તેના ખાટલા પાસેના બોર્ડ પર કાંટ ખાઈ ગયેલ અક્ષરે લખાયેલું સર્કલનું નામ લગભગ ભુંસાઈ ગયું છે, તે જયારે





સર્કલ બન્યું ત્યારથી લખાયેલું હતું. પછી ફરીથી લખવાની કોઈએ જહેમત લીધી નથી.

**અલપ ઝલપ -ડો. મનહર ઠાકર**

માળી બગાસાં ખાતો ચાની રેંકડી સુધી પહોંચ્યો. તે લગભગ પંચાસી વટાવી ગયેલો. એટલે જાણે વડીલપણુ પ્રગટ કરતો હોય તેમ બોલ્યો, 'રામુ જરા ચા અંબાવજે ને.'

એક સશક્ત બનીયન ધારી, મોં પર કચકચાવીને બુકાની બાંધેલો જુવાન એક હાથ વડે આલ્શેસિયન કૂતરાને સાંકળે બાંધીને લટાર મરાવવા નીકળી પડ્યો. મોર્નિંગ વોક માટે એક પછી એક સ્વૈરવિહારીઓ ત્યાંથી પસાર થતા હતા. અડધો કલાક જેટલો સમય પસાર થઈ ગયો. તે વખતે જ એક પછી એક કેટલાક સજોડા બહાર મોર્નિંગવોકમાં નીકળી પડ્યા. તો કેટલાક વોક પૂરી કરીને સામા મળ્યા. એકબીજા સાથે હાથ હલાવી હાય હલ્લો કરતા આ લોકો ઝપાટાબંધ પસાર થઈ ગયા. કેટલાકની બગલમાં નાનું છોકરું તો કેટલાકના હાથમાં વોકિંગ સ્ટીક, તો કેટલાક સેલ્ફ ફોન લઈને નીકળ્યાં છે.

બુઢાબુઢી એકબીજાના હાથ પકડીને ધીમે ધીમે ચાલતા નીકળ્યા છે. બુઢા પુરુષે બંને કોણીઓને બંને હાથ વડે ખંજવાળતા ઊભા રહી બુઢીને ચાની રેંકડી તરફ વળવા સંકેત કર્યો.

હાથમાં પકડેલી થેલી સંભાળીને બન્ને સર્કલના છેડે ઉભેલી ચાની રેંકડી પાસે પહોંચી ગયાં. ત્યાં આવીને બેસી રહેલા, પેલો પાગલ અને વૃદ્ધ માળી પાસે જઈને બન્ને બાંકડે બેસી ગયાં. પાગલ ચાર્લીચેપ્લીન જેમ હસ્યો, પછી જોરજોરથી તાળીઓ પાડતો ઘાંટો પાડવા માડ્યો, 'સાહેબ જાગી ગયા.., મેડમ જાગી ગયા...!' તેને તો જગ આખું જાગી ગયું તેવો આનંદ થયો.

તેના ઘાંટા સાથેનો આ સંવાદ સાંભળી આજુબાજુ જતાં આવતા લોકો પણ એ સર્કલ પાસે અટકી ગયા. કોઈ સાંભળી ગયું એમ માની તે ચૂપ થઈ ગયો.

'એટલે જ ચિંતા થાય છે..' બુઢીની ચકળવકળ થતી આંખો ઉકળતી ચાની વરાળ પર થીજી જાય છે અને સર્કલની આરપાર જોવા તત્પર બની જાય છે.. જાણે સર્કલની પાછળ પોતાના આ એકના એક પાગલ દીકરાનું મડદુ જોયુ હોય તે રીતે આંખો ફાટેલી રહી જાય છે !

થેલીમાંથી બે ડિશ કાઢીને તેમાં ગરમાગરમ થેપલાં, અથાણું પીરસીને બુઢીએ તે પાગલ તથા વૃદ્ધ માળીની સામે મૂકી દીધું. રેંકડી પરથી ચાની બે ગંડેરી લાવીને બુઢાએ ત્યાં રાખી. ભૂખાળવા થયેલા તે બન્ને - પાગલ અને માળી થેપલાં અને અથાણું ઝાપટવા મંડ્યા ને ચાની ચૂસકી ભરતાં ગયા.

બુઢાબુઢીનો આ નિત્યક્રમ થઈ ગયેલો. દરરોજ જુદો જુદો નાસ્તો લાવીને અહીં બેસી, આ બન્નેને ભાવથી જમાડે ત્યારે જ તેમને સંતોષ થાય. કારણકે દીકરો ભર યુવાનીમાં પાગલ થઈ ગયો, ત્યારથી આ સર્કલ પાસેની ફુટપાથથી ખસતો નથી અને તેને અહીંના વૃદ્ધ માળી સાથે એવો મનમેળ થયેલો કે બન્ને ત્રીસેક વર્ષથી અહીં ધામા નાખીને પડી રહ્યા છે. કોઈ રીતે ઘેર જવા માટે નહીં માનેલા પાગલ દીકરાને એક વૃદ્ધ માળીએ સથવારો આપીને સાચવી લીધો ત્યારથી આ બુઢાપો બન્નેનું આ રીતે જતન કરે છે.

# અન્યોનાં દુઃખો ન જોઈ શકો તો માનજો કે હૈયું દયાળું છે... અન્યોનાં સુખો ન જોઈ શકો તો માનજો કે હૈયું ઈર્ષ્યાળુ છે...

''સમ્યગ્દર્શન આપણામાં છે કે નહિ તે પરખવા શાસ્ત્રોએ જે પાંચ લક્ષણો દર્શાવ્યા છે તેમાં ચોથું લક્ષણ છે દયા-અનુકંપા. આત્મા સમ્યગ્દર્શનવંત હોય અને એનામાં દયા ન હોય એવું બને જ નહી. દયાગુણનું વર્ચસ્વ-પ્રભુત્વ આત્મવિકાસના ક્રમમાં કેવું પ્રબળ છે તે આ ચોથા લક્ષણની શાસ્ત્રીય વાતમાં પ્રતિબિંબિત થાય છે. મહાન શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે આ લક્ષણનાં નિરૂપણમાં દયાના-અનુકંપાના બે પ્રકાર કર્યા છે : એક, દ્રવ્યઅનુકંપા અને બે, ભાવઅનુકંપા. રોગ-શોક વગેરે દુઃખોથી ઘેરાયેલ જીવના બાહ્ય દુઃખ દૂર કરવા તે દ્રવ્યઅનુકંપા છે અને ધર્મરહિત-માર્ગભ્રષ્ટ જીવોને ધર્મપ્રાપ્તિ-મોક્ષમાર્ગપ્રાપ્તિ કરાવવી તે ભાવઅનુકંપા છે.''

''ધર્મરત્નપ્રકરણ'' ગ્રન્થમાં પૂર્વાચાર્ય મહર્ષિએ શુદ્ધ ધર્મપ્રાપ્તિતી મૌલિક ભૂમિકારૂપે જે એકવીશ ગુણો દર્શાવ્યા છે તેમાં દશમા દયાલુતા ગુણનું આપણે વિશ્લેષણ કરી રહ્યાં છે. ગત લેખમાં આપણે આત્મવિકાસની ચાર મહત્વની ભૂમિકાઓમાં દયાગુણની પ્રબળ-સબળ અસરો પર વિચારણા શરૂ કરીને બે ભૂમિકાઓ નિહાળી હતી. હવે વિચારીએ ત્રીજી મહત્વની ભૂમિકા.

ત્રીજી ભૂમિકા છે સમ્યગ્દર્શનની અને તેમાં ય વિશિષ્ટ શ્રાવકની-શ્રમણની. સમ્યગ્દર્શન એવો અદ્ભુત આત્મગુણ છે કે એના લાભો અધ્યાત્મ ક્ષેત્રે જબરજસ્ત અનુભવાય. માત્ર ઝલકરૂપે એના બે-ત્રણ લાભો નિહાળીએ તો સમ્યગ્દર્શન આવે એટલે અનાદિ અનંત ભવભ્રમણ ખૂબ સીમિત-મર્યાદિત થઈ જાય. બીજો લાભ એ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારથી જ ભવગણતરી શરૂ થાય. તે પહેલાના ભવો તે જાણે નિરર્થક હોય તેમ ગણતરીમાત્ર પણ ન થાય! ત્રીજો લાભ એ સમ્યગ્દર્શનની હાજરીમાં આયુષ્યબંધ થાય તો વૈમાનિક દેવનું જ આયુષ્ય બંધાય.

આવુ ંઅદ્ભુત સમ્યગ્દર્શન આપણામાં છે કે નહિ તે પરખવા શાસ્ત્રોએ જે પાંચ લક્ષણો દર્શાવ્યા છે તેમાં ચોથું લક્ષણ છે દયા-અનુકંપા. આત્મા સમ્યગ્દર્શનવંત હોય અને એનામાં દયા ન હોય એવું બને જ નહિ. દયાગુણનું વર્ચસ્વ-પ્રભુત્વ આત્મવિકાસના ક્રમમાં કેવું પ્રબળ છે તે આ ચોથા લક્ષણની શાસ્ત્રીય વાતમાં પ્રતિબિંબિત થાય છે. મહાન શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે આ લક્ષણનાં નિરૂપણમાં દયાના-અનુકંપાના બે પ્રકાર કર્યા છે : એક દ્રવ્યઅનુકંપા અને બે ભાવઅનુકંપા. રોગ-શોક વગેરે દુઃખોથી ઘેરાયેલ જીવના બાહ્ય દુઃખ દૂર કરવા તે દ્રવ્યઅનુકંપા છે અને ધર્મરહિત-માર્ગભ્રષ્ટ જીવોને ધર્મપ્રાપ્તિ-મોક્ષમાર્ગપ્રાપ્તિ કરાવવી તે ભાવઅનુકંપા છે. સમ્યક્ત્વના સડસઠ બોલની સજઝાયમાં શુદ્ધ ગુજરાતીમાં આ રજૂઆત કરતાં તેઓશ્રી લખે છે કે :-

દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની ભાવ;
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજશક્તે મન લાવપ

સમ્યગ્દર્શન સશક્ત અવસ્થામાં જ એનાથી ઉપરની વિશિષ્ટ ભૂમિકા આવે છે ભાવશ્રાવકની. ત્યાં દયા કેવી ઝળહળે તે શ્રાવકનાં જીવનમાં પ્રવર્તતી જયણામાં નિહાળાય છે. પાણી માટે ગળણું હો કે સંખારો સાચવવાની સાવધાની હો, ગેસ શરૂ કરતા પૂર્વે બર્નર પૂંજવાની પ્રવૃત્તિ હો કે લાઈટ - પંખા વગેરેના વપરાશમાં શક્ય સીમિતતા-મર્યાદા હો : આ બધામાં ભાવશ્રાવકની દયાળુતા દૃશ્યમાન થાય છે. નાનામાં નાના જીવને પીડા-ત્રાસ પોતાનાં નિમિત્તે ન થાય તેની કેવી કાળજી શ્રાવકનાં જીવનમાં હોય તે નિહાળવું છે ? તો વાંચો અઢાર દેશના સમ્રાટ કુમારપાલનો આ જીવનપ્રસંગ :

**વિશેષ**

કલિકાલસર્વજ્ઞા હેમચન્દ્રાચાર્યના સંગે પરમાર્હત-પરમશ્રાવક બનેલ કુમારપાલ આઠમ-ચૌદશ જેવા પર્વદિવસોમાં પૌષધવ્રત સ્વીકારી શ્રમણ જેવું જીવન તે દિવસોમાં વીતાવતા, આવા એક પૌષધદિવસમાં કુમારપાલના પગે કોઈ મંકોડો ચીપકી ગયો. કુમારપાલ મહારાજાએ એને ત્રાસ ન થાય-એ મરી ન જાય તેની સાવધાનીપૂર્વક તેને ચરવળાથી દૂર કરવાની કોશિશ કરી. પરંતુ આ તો અણસમજુ જંતુ. જેમ જેમ એને ઉપયોગથી સાવધાનીથી દૂર કરવાની કોશિશ થતી ગઈ તેમ તેમ એ મંકોડો વધુ ને વધુ તીવ્રતાથી ચીપકતો ગયો. એટલું જ નહિ, જોરદાર ડંખ પણ મારતો રહ્યો.

કુમારપાલનાં સ્થાને અન્ય કોઈ નિર્દય વ્યક્તિ હોત તો બળજબરીથી મંકોડો ખેંચવામાં એના ટુકડા કરી નાંખત એને મારી નાંખત. પરંતુ દયાળુ કુમારપાલે આવું કાંઈ જ ન કર્યું. મંકોડો સખત ચીપકી ગયો ત્યારે એમણે છરી મંગાવી પગની ચામડીનો એ ભાગ જાતે ખોતરીને ચામડી સહિત મંકોડાને જુદો કરી સલામત મૂકી દીધો! આમાં એમને તીવ્ર પીડા સહન કરવી પડી, લોહીની ધાર વછૂટી. પરંતુ એમણે નાચીજ-નાસમજ મંકોડાને પીડા થવા ન દીધી. કેવી અદ્ભુત-આદર્શ દયાળુતા.!

# અર્બન વોટર લોગિંગનું મૂળ કારણ: ખામીભર્યું ટાઉન પ્લાનિંગ

ભારતના મોટા ભાગના શહેરોમાં આજે ભારે વરસાદ પડતા જ થોડા કલાકોમાં રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ જાય છે. વાહનો અટવાઈ જાય છે, રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી જાય છે, વેપાર-ધંધા બંધ થઈ જાય છે અને સામાન્ય જનજીવન ખોરવાઈ જાય છે. આ સમસ્યાને માત્ર ભારે વરસાદનું પરિણામ માનવું યોગ્ય નથી. વરસાદ તો કુદરતી ઘટના છે, પરંતુ વરસાદનું પાણી કલાકના વરસાદમાં જ વોટર લોગિંગ સર્જાય છે. અને આંખો મહાનગર પાણીમાં ડૂબે છે.

શહેરોમાં સિમેન્ટ અને કોંક્રિટના જંગલ નું પ્રમાણ સતત વધી રહ્યું છે. અગાઉ વરસાદનું પાણી ખુલ્લી જમીનમાં ઉતરી જતું હતું, પરંતુ હવે મોટા ભાગની જમીન પાકી થઈ ગઈ હોવાથી પાણી જમીનમાં ઉતરવાને બદલે રસ્તાઓ પર જ એકઠું થાય છે. આ ઉપરાંત તળાવો, નાળા અને

## વિજ્ઞાન આધારિત આયોજન, ડ્રેનેજ અને કુદરતી જળમાર્ગોના સંરક્ષણથી જ શહેરોને જળબંબાકારથી બચાવી શકાય

શહેરમાં ભરાઈ રહે તે માનવસર્જિત સમસ્યા છે. આ માટે સૌથી મોટું કારણ ખામીભર્યું ટાઉન પ્લાનિંગ, અપૂરતી વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા અને કુદરતી જળમાર્ગો પર થયેલું અતિક્રમણ છે.

ભાવનગર શહેરની વાત કરીએ તો આજે શહેર અનેકગણું વિકસી ગયું છે પણ આજથી ૫૦ વર્ષ પહેલા ગમે તેટલો વરસાદ પડતો તો ભાવનગરમાં વોટરનું લોગીન નું પ્રમાણ સાવ ઓછું હતું કારણ કે ટાઉન પ્લાનિંગ વ્યવસ્થિત હતું. ભાવનગર શહેરમાં એવી મોટી ગટર લાઈન હતી જેમાં આખી મોટર પસાર થઈ જાય આ આવી ગટરોને કારણે ગમે તેટલો વરસાદ પડે તો પણ તેનું પાણી ઝડપભેર સમુદ્રમાં જતું રહેતું પરંતુ હવે શહેરનો આડેધડ વિકાસ થયો હોવાથી ભાવનગરમાં પણ વોટર લોગીન થાય છે પણ તે એટલું ગંભીર ગણી શકાય તેમ નથી પરંતુ અમદાવાદ સુરત જેવા શહેરમાં આજે પૂરની સમસ્યા છે તેના વિશે ફરી વખત સમીક્ષા રાજ્ય સરકાર કરે તે જરૂરી છે.શહેરોનો વિકાસ ઝડપથી થયો છે, પરંતુ વરસાદી પાણીની નિકાલ માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ જ ગતિએ વિકસ્યું નથી. ઘણા શહેરોમાં નવા રહેણાંક પ્રોજેક્ટ, મોલ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને રસ્તાઓ તો બન્યા, પરંતુ વરસાદી પાણી ક્યાં જશે તે અંગે લાંબા ગાળાનું આયોજન કરવામાં આવ્યું નથી. પરિણામે થોડા કુદરતી પાણીના માર્ગો પર થયેલા બાંધકામ પણ સમસ્યાને વધુ ગંભીર બનાવે છે.

સમુદ્ર કિનારે આવેલા શહેરોમાં સમસ્યા વધુ જટિલ બને છે. ભરતી દરમિયાન સમુદ્રનું જળસ્તર વધી જતાં વરસાદી પાણી સમુદ્રમાં ઝડપથી જઈ શકતું નથી. પરિણામે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ રહે છે.

ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાંથી પસાર થતા કંસારામાં જ્યારે પાણી બે કાંઠે હોય છે ત્યારે રસ્તા પરનું પાણી કંસારામાં જઈ શકતું નથી કારણ કે દરિયામાં ભરતી હોય છે આથી વરસાદી પાણી કંસારામાં જવાના બદલે કંસારનો પાણી રસ્તા પર આવે છે અને વોટર લોગીન સર્જાય છે પરંતુ થોડાક કલાકમાં સમુદ્રમાં વોટ થતાં સમગ્ર પાણી સમુદ્રમાં સમાઈ જાય છે આ વસ્તુ સુરત અને અમદાવાદમાં બને છે. સુરતની પરિસ્થિતિ વધુ વણસી રહી છે.

મુંબઈ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. ભારે વરસાદ અને ભરતી એકસાથે આવે ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં ગંભીર જળબંબાકાર સર્જાય છે. સુરતમાં પણ તાપી નદી અને અરબી સમુદ્રના પ્રભાવને કારણે કેટલીક પરિસ્થિતિઓમાં પાણીની નિકાલ ધીમી પડી શકે છે. કોલકાતા, ચેન્નઈ અને કોચી જેવા શહેરોએ પણ આવી સમસ્યાઓનો વારંવાર સામનો કર્યો છે.

આ પરિસ્થિતિનો ઉકેલ માત્ર મોટા ડ્રેનેજ બનાવવાથી નહી પરંતુ સમગ્ર ટાઉન પ્લાનિંગમાં ફેરફાર કરીને જ આવી શકે. શહેરના વિકાસની શરૂઆતથી જ વરસાદી પાણીના પ્રવાહનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવો જોઈએ. દરેક નવા વિસ્તારમાં વરસાદી પાણી ક્યાં જશે, કેટલો વરસાદ સહન કરવાની ક્ષમતા રહેશે અને પાણી કેટલા સમયમાં બહાર નીકળશે તેનો અભ્યાસ ફરજિયાત હોવો જોઈએ.

**આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ**

રાજ્ય સરકાર આ બાબતે નવેસરથી અર્બન ફલડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નવેસર જરૂરી છે રી ડેવલપ કરે તે જરૂરી છે.

સમુદ્ર કિનારે આવેલા શહેરોમાં ભરતીના સમયમાં વરસાદી પાણી પાછું શહેરમાં ન આવે તે માટે દરિયાકાંઠાના ડ્રેનેજ આઉટલેટ પર સ્વચાલિત ફ્લેપ ગેટ અથવા ટાઇડ ગેટ લગાવી શકાય. ભરતી વખતે આ ગેટ બંધ રહે અને ઓટ આવે ત્યારે વરસાદી પાણી સમુદ્રમાં બહાર નીકળી જાય. વિશ્વના અનેક કિનારાકાંઠાના શહેરોમાં આવી વ્યવસ્થા સફળ સાબિત થઈ છે.

જ્યાં કુદરતી ઢોળાવ ઓછો હોય ત્યાં ઉચ્ચ ક્ષમતાવાળા સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન સ્થાપિત કરવા જોઈએ. વરસાદી પાણી મોટી ચેનલોમાં એકત્ર કરીને પમ્પ દ્વારા સમુદ્ર અથવા નદીમાં છોડવામાં આવે તો પાણી લાંબા સમય સુધી શહેરમાં ભરાઈ રહેતું નથી. આ પ્રકારની વ્યવસ્થા નેધરલેન્ડ્સ અને જાપાન જેવા દેશોમાં સફળતાપૂર્વક અમલમાં છે.

નદીકાંઠાના શહેરોમાં પૂરપ્રવણ વિસ્તારનું વૈજ્ઞાનિક ઝોનિંગ કરવું અત્યંત જરૂરી છે. નદીના પૂરપ્રવાહ વિસ્તારમાં રહેણાંક અને વ્યાપારી બાંધકામને મર્યાદિત કરવું જોઈએ. નદીના કુદરતી પ્રવાહને સાંકડો કરવાથી અથવા તેના કિનારાઓ પર અનિયંત્રિત વિકાસ કરવાથી પૂરનું જોખમ વધી જાય છે. સુરત માટે તાપી નદીના પૂરપ્રવાહ વિસ્તારને ધ્યાનમાં રાખીને વિકાસ યોજના બનાવવી વધુ યોગ્ય રહેશે.

દરેક શહેરમાં મોટા વરસાદી પાણી સંગ્રહ તળાવો, ડિટેન્શન બેસિન અને રિટેન્શન પોન્ડ બનાવવાની જરૂર છે. ભારે વરસાદ વખતે વધારાનું પાણી થોડા સમય માટે અહીં સંગ્રહિત થઈ શકે અને વરસાદ બંધ થયા પછી ધીમે ધીમે બહાર છોડવામાં આવે. આ પદ્ધતિથી શહેરના મુખ્ય રસ્તાઓ પર પાણી ભરાવાની શક્યતા ઘણી ઘટે છે.

રસ્તાઓ બનાવતી વખતે બંને બાજુ પૂરતી ક્ષમતાની વરસાદી પાણીની ગટર બનાવવી જોઈએ. ગટરોનું નિયમિત ડીસિલ્ટિંગ કરવું, પ્લાસ્ટિક અને કચરો દૂર કરવો અને વરસાદ પહેલાં તેની ચકાસણી કરવી એટલી જ જરૂરી છે. ઘણી વખત ગટર હોવા છતાં તેમાં કચરો ભરાઈ જવાથી પાણીનો પ્રવાહ અટકી જાય છે.

ટાઉન પ્લાનિંગમાં "સ્પોન્જ સિટી"ની સંકલ્પના પણ અપનાવી શકાય. તેમાં પાર્ક, ખુલ્લી જમીન, વરસાદી બગીચા, પારગમ્ય પેવમેન્ટ અને ગ્રીન બેલ્ટ દ્વારા વરસાદી પાણી જમીનમાં ઉતારવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આથી ભૂગર્ભ જળનો જથ્થો પણ વધે છે અને શહેરમાં પાણી ભરાવાની સમસ્યા પણ ઘટે છે.

નવી ટાઉન પ્લાનિંગ યોજનાઓમાં દરેક મોટા પ્રોજેક્ટ માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગ ફરજિયાત કરવું જોઈએ. મોટી સોસાયટીઓ, ઔદ્યોગિક એકમો, શોપિંગ સેન્ટરો અને સરકારી ઇમારતો પોતાના કેમ્પસમાં વરસાદી પાણી સંગ્રહે તો શહેરની ડ્રેનેજ સિસ્ટમ પરનો ભાર નોંધપાત્ર રીતે ઘટી શકે.

આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ પણ એટલો જ મહત્વપૂર્ણ છે. વરસાદની આગાહી, ભરતીનો સમય, નદીનું જળસ્તર અને ડ્રેનેજ સિસ્ટમની સ્થિતિને એકીકૃત કરીને રિયલ-ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે તો સમયસર ચેતવણી આપી શકાય અને જરૂરી સ્થળોએ પમ્પિંગ અથવા ટ્રાફિક વ્યવસ્થા તાત્કાલિક ગોઠવી શકાય.

અંતમાં કહી શકાય કે અર્બન વોટર લોગિંગ માત્ર કુદરતી આપત્તિ નથી પરંતુ આયોજનની ખામીનું પરિણામ છે. શહેરોના વિકાસમાં વરસાદી પાણીની



ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

નિકાલને કેન્દ્રસ્થાને રાખીને ટાઉન પ્લાનિંગ કરવામાં આવે, કુદરતી જળમાર્ગોનું સંરક્ષણ થાય, સમુદ્ર અને નદીની અસરને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક ડ્રેનેજ સિસ્ટમ ઉભી કરવામાં આવે અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે તો સુરત સહિત ભારતના તમામ શહેરોમાં જળબંબાકારની સમસ્યાને મોટા પ્રમાણમાં નિયંત્રિત કરી શકાય છે. વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવતું આયોજન જ ભવિષ્યના સુરક્ષિત અને સ્માર્ટ શહેરોની સાચી ઓળખ બનશે.

# બાબર આઝમ કેપ્ટન તરીકે પણ નિષ્ફળ : વેસ્ટ ઈન્ડિઝ સામે ભૂતપૂર્વ કેપ્ટનની વિસ્ફોટક ઈનિંગ



કરાંચી,

બાબર આઝમ ફરી એકવાર પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન બન્યા છે, પરંતુ તેમનું બેટ સંપૂર્ણપણે શાંત છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ટૂંકી ઈનિંગ રમ્યા બાદ બાબર આઉટ થયો હતો, જોકે ભૂતપૂર્વ કેપ્ટન શાન મસૂદે શાનદાર ઈનિંગ રમી હતી અને અણનમ રહ્યો હતો. ટેસ્ટમાં અત્યાર સુધી બે દિવસનો રમત પૂર્ણ થઈ ગયો છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમ હાલમાં વેસ્ટ ઈન્ડીઝના પ્રવાસે છે, જ્યાં બે ટેસ્ટ મેચની શ્રેણી રમાઈ રહી છે. શ્રેણીની પહેલી મેચ હાલમાં પોર્ટ ઓફ સ્પેનમાં ચાલી રહી છે. પહેલા બેટિંગ કરતા, વેસ્ટ ઈન્ડીઝે ૩૧૧ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. વેસ્ટ ઈન્ડીઝ માટે કેપ્ટન શાઈ હોપે ૯૨ રન બનાવ્યા, જોકે તે તેની સદીથી આઠ રન દૂર રહ્યો. ત્યારબાદ પાકિસ્તાને ફરી બેટિંગ શરૂ કરી, જેમાં અઝાન ઓવૈસ કોઈ રન બનાવ્યા વિના આઉટ થયો. ત્યારબાદ ઈમામ-ઉલ-હક અને ભૂતપૂર્વ કેપ્ટન શાન મસૂદ વચ્ચે મજબૂત ભાગીદારી થઈ, જેમણે ૬૩ રન બનાવ્યા.

કેપ્ટન બાબર આઝમ ચોથા નંબર પર બેટિંગ કરવા આવ્યો પરંતુ મોટી ઈનિંગ રમી શક્યો નહીં, તેણે ફક્ત ૨૩ રન બનાવ્યા. બાબર આઝમને ટેસ્ટ કેપ્ટન તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા છે, પરંતુ કેપ્ટન તરીકે તેમનું વાપસી નિરાશાજનક રહ્યું છે. ભૂતપૂર્વ કેપ્ટને ૮૮ રન બનાવ્યા છે. તે બીજી ઈનિંગના અંત સુધી અણનમ રહ્યો. સલમાન અલી આગા તેની સાથે ક્રીઝ પર હતા, જેમણે હજુ સુધી ખાતું ખોલ્યું ન હતું. બીજા દિવસની રમતના અંત સુધીમાં, પાકિસ્તાને ત્રણ વિકેટ ગુમાવીને ૧૯૯ રન બનાવી લીધા હતા. આનો અર્થ એ થયો કે પાકિસ્તાન હજુ પણ વેસ્ટ ઈન્ડિઝથી ૧૧૨ રન પાછળ છે. આ બે ટેસ્ટ મેચની શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ રમાઈ રહી છે.

# રવીના ટંડનની પુત્રી રાશા થડાની બોલિવૂડમાં ડેબ્યૂ કર્યા પછી હવે દક્ષિણ સિનેમા તરફ વળી

મુંબઈ,

રવીના ટંડનની પુત્રી રાશા થડાની બોલિવૂડમાં ડેબ્યૂ કર્યા પછી હવે દક્ષિણ સિનેમા તરફ વળી છે. તે દક્ષિણના સુપરસ્ટાર મહેશ બાબુના ભત્રીજા જયા કૃષ્ણ ઘટ્ટામનેની સાથે તેલુગુમાં ડેબ્યૂ કરી રહી છે. અજય ભૂપતિ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ગુરુવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે, અને મહેશ બાબુ તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. આ જયા કૃષ્ણની ડેબ્યૂ ફિલ્મ છે, અને મહેશ બાબુએ ખુશી વ્યક્ત કરી અને તેણીની આગામી ફિલ્મ માટે તેણીને શુભકામનાઓ પાઠવી. મહેશ બાબુએ ટ્વિટર (અગાઉ ટ્વિટર) પર એક વિડીયો સંદેશ શેર કર્યો જેમાં તેણીના ભત્રીજા જયા કૃષ્ણના રાશા થડાની સાથે ડેબ્યૂ પર ખુશી વ્યક્ત કરી.

મહેશ બાબુ એક વિડીયો શેર કર્યો જેમાં તે કહે છે, "નમસ્તે. મારો ભત્રીજો, જયા કૃષ્ણ, 'શ્રીનિવાસ મંગાપુરમ' સાથે ડેબ્યૂ કરી રહ્યો છે." આખો પરિવાર તેની નવી ઈનિંગથી ખૂબ જ ખુશ છે. હકીકતમાં, અમે બધા ખૂબ જ ઉત્સાહિત છીએ. આપણે ટીઝર, ગીતો અને ટ્રેલર જોયું છે. મુખ્ય જોડી, જયા કૃષ્ણા અને રાશા, ખૂબ જ સુંદર લાગે છે. તેઓ ખૂબ જ આશાસ્પદ લાગે છે. દિગ્દર્શક અજય ભૂપતિ અને સંગીતકાર જી.વી. પ્રકાશે તેમનું કામ ખૂબ જ સારી રીતે કર્યું છે. દિગ્દર્શક અજય ભૂપતિ તેમને આટલી સારી રીતે રજૂ કરવા બદલ શ્રેયને પાત્ર છે.

મહેશ બાબુએ તેમની પોસ્ટમાં ફિલ્મના ટેકનિશિયનોની પણ પ્રશંસા કરી. તેમણે લખ્યું, "મને લાગે છે કે ફિલ્મના ટેકનિશિયનોએ ખૂબ જ મહેનત કરી છે, અને સંગીત નિર્દેશક જી.વી. પ્રકાશ આ ફિલ્મનો આધારસ્તંભ છે. તેનું સંગીત પહેલાથી જ હિટ થઈ ગયું છે. આ ફિલ્મનું મારું પ્રિય ગીત 'અલેલે' છે. મને તે ખૂબ ગમ્યું. આ ફિલ્મ ૩૦ જુલાઈએ રિલીઝ થઈ રહી છે. હું રાશા અને જયા કૃષ્ણાના ડેબ્યૂથી ખૂબ ખુશ છું. હું આખી ટીમને ૩૦ જુલાઈ માટે શુભકામનાઓ પાઠવું છું." જ્યારે રાશા થડાનીએ તેના તેલુગુ ડેબ્યૂની જાહેરાત કરી ત્યારે રાશા થડાનીએ નવેમ્બર ૨૦૨૫ માં એક પોસ્ટ સાથે તેના તેલુગુ ડેબ્યૂની જાહેરાત કરી. પોસ્ટર શેર કરીને, તેણીએ સુપરસ્ટાર મહેશ બાબુના ભત્રીજા જયા કૃષ્ણ ઘટ્ટામનેની સાથે તેની ત્રીજી ફિલ્મ, શ્રીનિવાસ મંગાપુરમની જાહેરાત કરી. તેણીએ લખ્યું, "નવી શરૂઆત, અનંત કૃતજ્ઞતા! હું એન્ડ્રી પ્રેમા, હું તેલુગુ સિનેમામાં પ્રવેશ કરી રહી છું. આ તક માટે જ્ઢૈદ્વિદ્બઠઅહ્વર્ૈંદ્બ સરનો આભાર. ચલા આ સફર શરૂ કરવા માટે ઉત્સાહિત છે!" રાશા થડાનીએ અભિષેક કપૂરની ફિલ્મ "આઝાદ" થી અભિનયની શરૂઆત કરી હતી.

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ આવતા વર્ષે ૯ જૂનથી લંડનના ઐતિહાસિક ધ ઓવલ ખાતે રમાશે

ઓવલ,

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલએ ૨૦૨૭ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે સત્તાવાર રીતે સ્થળની જાહેરાત કરી છે. ક્રિકેટની સૌથી પ્રતિષ્ઠિત ટેસ્ટ મેચ ૯ થી ૧૩ જૂન, ૨૦૨૭ દરમિયાન લંડનના ઐતિહાસિક ધ ઓવલ ખાતે યોજાશે. આ બીજી વખત હશે જ્યારે ઓવલ ડબ્લ્યુટીસી ફાઈનલનું આયોજન કરશે.

ડબ્લ્યુટીસી ફાઈનલ અગાઉ ૨૦૨૩ માં આ જ મેદાન પર રમાઈ હતી, જેમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને ટાઈટલ જીત્યું હતું. ડબ્લ્યુટીસીની શરૂઆતની ફાઈનલ ૨૦૨૧ માં સાઉથમ્પ્ટનમાં રમાઈ હતી, જ્યાં ન્યુઝીલેન્ડે ભારતને હરાવ્યું હતું. ૨૦૨૫ ની ફાઈનલ લોર્ડ્સ ખાતે યોજાઈ હતી, જેમાં દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને હરાવીને પ્રથમ વખત ડબ્લ્યુટીસી ટ્રોફી જીતી હતી.

આઈસીસીની ૨૦૨૫ ની વાર્ષિક બેઠકમાં, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડને આગામી ત્રણ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે યજમાન અધિકારો આપવામાં આવ્યા હતા. આ ક્રમમાં, ધ ઓવલને ૨૦૨૭ ની ફાઈનલ માટે પસંદ કરવામાં આવ્યું છે. આ મેચ ડબ્લ્યુટીસીના ચોથા ચક્રનું પણ સમાપન કરશે.

૨૦૨૭ ડબ્લ્યુટીસી ફાઈનલ ખાસ રહેશે કારણ કે તે ટેસ્ટ ક્રિકેટની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે છે. તેથી, ક્રિકેટ ઈતિહાસના સૌથી પ્રતિષ્ઠિત મેદાનોમાંના એક, ધ ઓવલ ખાતેની આ મેચ વધુ યાદગાર બનવાની અપેક્ષા છે.

ઈસીબીના મેનેજિંગ ડિરેક્ટર (સ્પર્ધાઓ અને મુખ્ય ઈવેન્ટ્સ) નીલ સ્નોબોલે જણાવ્યું હતું કે, "ઈંગ્લેન્ડ અને વેલ્સમાં આગામી ત્રણ ડબ્લ્યુટીસી ફાઈનલનું આયોજન કરવું અમારા માટે સન્માનની વાત છે. ધ ઓવલ ખાતે ૨૦૨૩ની ફાઈનલ દર્શકો અને બ્રોડકાસ્ટર્સ બંને માટે એક શાનદાર અનુભવ હતો. અમને વિશ્વાસ છે કે ૨૦૨૭ની ફાઈનલ પણ ખૂબ જ ખાસ રહેશે."

આઈસીસીના જનરલ મેનેજર (ઈવેન્ટ્સ અને ઓપરેશન્સ) ગૌરવ સક્સેનાએ જણાવ્યું હતું કે, "વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ હવે વૈશ્વિક ક્રિકેટ કેલેન્ડર પરની સૌથી પ્રતિષ્ઠિત ઈવેન્ટ્સમાંની એક બની ગઈ છે.

# ઈન્ડિયન આઈડોલ સીઝન ૧૬ જીતવી મારા માટે એક સ્વપ્ન સમાન : જ્યોતિર્મયી નાયક




મુંબઈ,

ટીવી ઉદ્યોગના સૌથી લોકપ્રિય સિંગિંગ રિયાલિટી શો, 'ઈન્ડિયન આઈડલ' સીઝન ૧૬ નો અંતિમ સમાપન થયું છે, અને આ સીઝનમાં તેના વિજેતાની પણ જાહેરાત કરવામાં આવી છે. અઠવાડિયાની રોમાંચક સંગીત યાત્રા પછી, આજે, ૨૬ જુલાઈના રોજ વિજેતાની જાહેરાત કરવામાં આવી. જ્યોતિર્મય નાયકને "ઈન્ડિયન આઈડોલ ૧૬" ના વિજેતાનો તાજ પહેરાવવામાં આવ્યો. જ્યોતિર્મયીએ ૨૦ લાખના રોકડ ઈનામ સાથે પ્રતિષ્ઠિત ઈન્ડિયન આઈડોલ ૧૬ ટ્રોફી જીતી. તનિષ્ક શુક્લા અને મનરાજ પણ ટોચના ત્રણમાં હતા, પરંતુ જ્યોતિર્મય વિજેતા બન્યા.

જ્યોતિર્મય નાયકે "ઈન્ડિયન આઈડોલ સીઝન ૧૬" ટ્રોફી જીતી છે. ઈન્ડિયન આઈડોલની પોતાની યાત્રા દરમિયાન, તેણીએ "ઓ જબ તક હૈ જાન, જાને જહાં મેં નાચુંગી," "જાને ક્યોં લોગ મોહબ્બત કિયા કરે હૈં," અને અન્ય ગીતોના મધુર ગાયનથી દર્શકોના દિલ જીતી લીધા. તેણીને સિઝનના પ્રથમ રનર-અપ તનિષ્ક શુક્લા અને બીજા રનર-અપ મનરાજ તરફથી અંતિમ તબક્કામાં કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડ્યો. આ કાર્યક્રમ દરમિયાન શ્રેયા ઘોષાલ, કુમાર સાનુ અને બાદશાહ જજ તરીકે હાજર રહ્યા હતા. શહેનાઝ ગિલ ખાસ મહેમાન હતા.

સ્પોટલાઈટ રાઉન્ડ પછી મિસ્મી બોઝ ફાઈનલ રેસમાંથી બહાર થઈ ગઈ. ટોચના પાંચ ફાઈનલિસ્ટમાં જ્યોતિર્મયી નાયક, તનિષ્ક શુક્લા, મનરાજ વીર સિંહ, અંશિકા ચોંકર અને સુહેલ સુફીનો સમાવેશ થાય છે. જોકે, અંશિકા ચોંકર અને સુહેલ સુફીને પૂરતા મત મળ્યા ન હતા અને તેઓ સ્પર્ધામાંથી બહાર થઈ ગયા હતા. તેમને સોની ટેલિવિઝન તરફથી ૩ લાખના રોકડ ઈનામ મળ્યા હતા.

ઈન્ડિયન આઈડોલ ૧૬ ટ્રોફી જીત્યા પછી, જ્યોતિર્મયી નાયકે કહ્યું, "ઈન્ડિયન આઈડોલ સીઝન ૧૬ જીતવી એ એક સ્વપ્ન જેવું લાગે છે. ફક્ત એક સ્વપ્ન સાથે ઓડિશન આપવાથી લઈને અહીં વિજેતા બનવા સુધી, આ સફર ખરેખર જીવન બદલી નાખનારી રહી છે. દરેક પ્રદર્શને મને એક સારા ગાયક, કલાકાર અને માનવ બનવા માટે પડકાર આપ્યો, અને હું રસ્તામાં જે કંઈ શીખી છું તેને હંમેશા યાદ રાખીશ. મારી પ્રતિભા દર્શાવવા માટે અને આજે હું જે કલાકાર છું તે બનવામાં મદદ કરવા બદલ હું સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને ફ્રેમન્ટલનો ખૂબ ખૂબ આભારી છું.

# ભારતીય ટીમ માટે પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ જીતવાનું સ્વપ્ન સાકાર થયું : વૈભવ સૂર્યવંશી




મુંબઈ,

ત્રણ મેચની ટી ૨૦ શ્રેણીમાં ભારતે ઝિમ્બાબ્વેને ૩-૦ થી ક્લીન સ્વીપ પૂર્ણ કર્યું. આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયા માટે વૈભવ સૂર્યવંશીએ શાનદાર બેટિંગ પ્રદર્શન કર્યું, ત્રણમાંથી બે મેચમાં અડધી સદી ફટકારી. પ્રથમ મેચમાં, વૈભવે ૧૯ બોલમાં ૫૦ રનની ધમાકેદાર ઈનિંગ રમી. ત્રીજી ટી ૨૦ માં, તેણે ૪૯ બોલમાં ૮૧ રન બનાવ્યા. આ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે, તેને અંતિમ મેચમાં પ્લેયર ઓફ ધ મેચથી નવાજવામાં આવ્યો. સમગ્ર શ્રેણી દરમિયાન તેની ઉત્કૃષ્ટ બેટિંગ માટે તેને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ પણ મળ્યો.

ઝિમ્બાબ્વે શ્રેણીમાં વૈભવના પ્રદર્શન વિશે, તેણે ત્રણ મેચોમાં ત્રણ ઈનિંગમાં બેટિંગ કરી. આ સમયગાળા દરમિયાન, તેણે ૫૦.૩૩ ની સરેરાશથી ૧૫૧ રન બનાવ્યા. તેનો સ્ટ્રાઈક રેટ ૧૯૬.૧૦ હતો. આ સમયગાળા દરમિયાન વૈભવે ૧૫ ચોગ્ગા અને નવ છગ્ગા ફટકાર્યા. તે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. ઈશાન કિશન બીજા ક્રમે આવ્યો. તેણે આ શ્રેણીમાં ત્રણ મેચોમાં ત્રણ ઈનિંગમાં ૧૪૫ રન બનાવ્યા. તેણે આ બધા રન ૧૪૮.૩૩ ની સરેરાશથી બનાવ્યા.

ત્રીજી ટી ૨૦ પછી પ્રેઝન્ટેશન સમારોહમાં, વૈભવ સૂર્યવંશીએ કહ્યું, "હું હરારેમાં મારા પ્રદર્શનથી ખૂબ જ ખુશ છું. અહીં પહોંચ્યા પછી અમારી બે-ત્રણ દિવસની તૈયારી ઉત્તમ રહી. હું અહીં પહેલા અંડર-૧૯ વર્લ્ડ કપમાં રમી ચૂક્યો છું, તેથી મને આ મેદાન પર બેટિંગ કરવાનો ખરેખર આનંદ આવે છે. ટીમના દરેક વ્યક્તિ, જેમાં કેપ્ટન અને કોચનો પણ સમાવેશ થાય છે, તેમણે મને સંપૂર્ણ ટેકો આપ્યો, જેનાથી મારો આત્મવિશ્વાસ વધુ વધ્યો."

બંને એવોર્ડ મેળવ્યા પછી, વૈભવે કહ્યું, "ભારત માટે મારી પહેલી પૂર્ણ શ્રેણીમાં પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ બંને એવોર્ડ જીતવા એ એક સ્વપ્ન સાકાર થયું.

# ઝિમ્બાબ્વે પ્રવાસ પછી ત્રણ યુવા ખેલાડીઓ ટીમ ઈન્ડિયામાં જોવા ન મળે તેવી શક્યતા

નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમનો ઝિમ્બાબ્વે પ્રવાસ પૂર્ણ થયો છે. શ્રેયસ ઐયરના નેતૃત્વમાં, યુવા ભારતીય ટીમે યજમાન ટીમને ૩-૦થી હરાવ્યું. આ શ્રેણીમાં ઘણા યુવા ચહેરાઓ હતા. ત્રણ મેચમાં બે અડધી સદી ફટકાર્યા બાદ વૈભવ સૂર્યવંશીને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન, મયંક યાદવ અને પ્રિન્સ યાદવે પોતાની બોલિંગ કુશળતા દર્શાવી. આ પ્રવાસના અંત પછી, ત્રણ ખેલાડીઓ એવા છે જે ફરી ક્યારેય ભારતીય જર્સીમાં જોવા મળશે નહીં.

આ યાદીમાં પહેલું નામ પ્રભસિમરન સિંહનું છે. ઝિમ્બાબ્વે પ્રવાસ પર તેમને બીજા પસંદગીના વિકેટકીપર તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. તેમને આખી શ્રેણીમાં એક પણ મેચ રમવાની તક મળી ન હતી. આ પછી, ટીમ ઈન્ડિયામાં જોડાવાની તેમની શક્યતાઓ ખૂબ જ ઓછી છે, કારણ કે ૨૦૨૬ ૨૦ વર્લ્ડ કપ માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સંજુ સેમસન બહાર બેઠા છે. ટીમ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે તેઓ યુવા ખેલાડીઓને ઝિમ્બાબ્વેમાં વિકાસ કરવાની તક આપવા માંગે છે. આ કારણોસર, સંજુને આરામ આપવામાં આવ્યો હતો. જો તે પાછો ફરે છે, તો પ્રભસિમરનની એન્ટ્રી મુશ્કેલ બનશે.

આઈપીએલ ૨૦૨૬ માં પોતાની ગતિથી પોતાની છાપ છોડનાર અશોક શર્માએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ખાસ કોઈ અસર કરી નથી. ઝિમ્બાબ્વે સામેની પહેલી મેચમાં તેને ડેબ્યૂ આપવામાં આવ્યું હતું. મેચમાં તેણે ચાર ઓવર ફેંકી, ૨૮ રન આપ્યા, અને એક પણ વિકેટ લેવામાં નિષ્ફળ ગયો. ત્યારબાદ તેને બીજી મેચમાંથી બહાર કરવામાં આવ્યો. ત્રીજા મુકાબલામાં, પ્રિન્સ યાદવની ઈજાને કારણે તેને તક આપવામાં આવી. આ વખતે, અશોકે ચાર ઓવરમાં માત્ર ૨૦ રન આપીને એક વિકેટ લીધી. ભારતીય ઝડપી બોલરોમાં, પ્રિન્સ યાદવ અને મયંક યાદવ તેનાથી આગળ દેખાય છે. તેથી, જો અશોકને ફરીથી ટીમ ઈન્ડિયામાં બોલાવવામાં ન આવે તો નવાઈ નહીં.

સૂર્યાન્શ શેડગેનો કિસ્સો બાકીના ખેલાડીઓથી અલગ છે. તેણે આયર્લેન્ડ પ્રવાસ પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો. શ્રેણીની માત્ર એક મેચ પછી તેને બહાર કરવામાં આવ્યો. ઈંગ્લેન્ડમાં પણ આવી જ પરિસ્થિતિ બની, જ્યાં શેડગેએ ફક્ત એક જ મેચ રમી, ૩૯ રન આપ્યા અને બેટથી ફક્ત ૭ રન આપ્યા. સૂર્યાંશે ઝિમ્બાબ્વે સામે માત્ર એક જ મેચ રમી હતી, જેમાં તેણે બોલ સાથે ૧૫ રન આપ્યા હતા અને બેટિંગ કરવાની તક મળી ન હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્ર | કા | રી | વિ | ર | ક્રો | વિ | દ | શિ | લ | ન | વિ |
| કા | મા | બ | ઈ | ચા | કા | ધ | આ | ક્ષ | ણિ | ક | જ્ઞા |
| ર | ણ | કા | ર | વ | ર | વા | ણા | ક | દ | ગી | ન |
| દ | મ | શિ | લ | હા | એ | ણા | ન | પ્રા | ન | હિ | ફ |
| પ્ર | મ | ક્ષ | ર | સ | ર | પ્રા | કા | વ | ર | કા | ગં |
| દ | અ | ણ | ફ | બા | બિ | બં | કા | મ | બિ | શિ | સા |
| ધ | દ | વિ | બ | દ | દ | સ | ધ | બં | સ | ત | કા |
| સ | ર | વા | ળો | વા | ચા | બા | મા | ગી | ર | ત | ણે |
| મો | સા | જ | ક | પ્ર | દ | સા | ર | ઐ | ક | લ | બ |
| પ્ર | ર | ણિ | મ | વ | મા | સ | લ | સા | ફ | ઐ | ત |
| ળ | પ્ર | પ્ર | દ | ત | મો | દ | ભો | સ | ખ | ક્ષ | મો |
| અં | બં | ન | ધ | બં | ર | ભો | આ | શિ | લ | ગ | તી |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ક્રિકેટર અર્શદીપ સિંહે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા અભિનેત્રી સમરીન કૌર સાથેના સંબંધોને સત્તાવાર બનાવ્યા

મુંબઈ,

ભારતના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે મોડેલ-અભિનેત્રી સમરીન કૌર સાથેના પોતાના સંબંધોને સત્તાવાર બનાવ્યા છે. આ સ્ટાર ખેલાડીએ પોતાના સંબંધોની આસપાસ ચાલી રહેલી અફવાઓનો અંત લાવ્યો અને તેના માટે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પણ બનાવી, જેમાં બધી રિપોર્ટ્સ પર પૂર્ણવિરામ મુકાયું.

ભારતના આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન, અર્શદીપ સિંહ યુકેમાં પોતાનો સમય વિતાવી રહ્યો છે અને સમરીન કૌર સાથે વેકેશન માણતો જોવા મળ્યો હતો, જેમ કે તસવીરોમાં દેખાય છે. આ દંપતીએ IPL (ઈન્ડિયન પ્રીમિયર લીગ) ૨૦૨૬ દરમિયાન તેમના સંબંધોની અફવાઓ ફેલાવી હતી.ઈન્સ્ટાગ્રામ પર, અર્શદીપે સમરીન કૌર સાથેની કેટલીક તસવીરો "માય પર્સન" કેપ્શન સાથે પોસ્ટ કરી હતી, અને સાથે હાર્ટ ઈમોજી પણ લખ્યું હતું. એ પણ નોંધનીય છે કે થોડા દિવસો પહેલા, સમરીને તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર અર્શદીપ સિંહ સાથેની એક તસવીર પણ પોસ્ટ કરી હતી. અર્શદીપ સિંહના મેદાન પરના પ્રદર્શનની વાત કરીએ તો, આ સ્ટાર ખેલાડી તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની તેમની તાજેતરમાં



સમાપ્ત થયેલી મલ્ટી-ફોર્મેટ શ્રેણીમાં ભારત માટે રમ્યો હતો. નોંધનીય છે કે અર્શદીપ સિંહ ઈંગ્લેન્ડ સામેની T20I શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોમાંનો એક હતો.

પાંચ T20I માં ચાર વિકેટ લેતા, અર્શદીપ સિંહ T20I શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં પાંચમા સ્થાને રહ્યો. જોકે, મેન ઈન બ્લુ માટે શ્રેણી યોજના મુજબ ચાલી ન હતી.

# સોશિયલ મીડિયામાં હવે યશસ્વી જયસ્વાલ અને મૃણાલ ઠાકુરના ડેટિંગની ચર્ચા

મુંબઈ,

૨૪ વર્ષનો આક્રમક અને ભરોસાપાત્ર લેફ્ટ-હેન્ડ ઓપનિંગ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલ હાલમાં ભારતની ટી-૨૦ ટીમમાં નથી એટલે તેનું વેકેશન ચાલી રહ્યું છે અને એમાં સ્વાભાવિક છે કે તે પર્સનલ લાઈફમાં જ વ્યસ્ત હોય, પરંતુ જેમ કોઈ સેલિબ્રિટી વિશે કંઈક અનોખું કે અજુગતું જોવા મળે તો તેની વાતો વાઈરલ થયા વગર રહેતી નથી અને યશસ્વી સાથે પણ આવું જ બન્યું.યશસ્વી જયસ્વાલ થોડા દિવસ પહેલાં બૉલીવૂડ અભિનેત્રી મૃણાલ ઠાકુર સાથે ડિનર પર ગયો એવો વાઈરલ થતાં સોશ્યલ મીડિયામાં તે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. તેઓ ડિનર બાદ રેસ્ટોરાંમાંથી બહાર આવી રહ્યા હતા એ ક્ષણોને અલગ અલગ રીતે વીડિયોમાં જોવા મળતાં મીડિયામાં યશસ્વી વાઈરલ થયો છે




અને એ વીડિયો પરથી ફોટોગ્રાફ પણ બનાવીને વાઈરલ કરી દેવામાં આવ્યા છે.એવી વાત ઉડી છે કે યશસ્વીનું અભિનેત્રી મૃણાલ ઠાકુર સાથે ડેટિંગ ચાલે છે?. બન્નેના ચાહકોએ પ્રતિક્રિયા અને સ્ટોરીઓથી મીડિયા પર આક્રમણ કર્યું છે. જોકે યશસ્વી કે મૃણાલ બેમાંથી કોઈએ પણ આ બાબતમાં કોઈ પણ પ્રકારનું સમર્થન નથી આપ્યું અને તેમની સંભવિત રિલેશનશિપ બાબતમાં કોઈ પુષ્ટિ પણ નથી મળી.'એક્સ' અને 'ઈન્સ્ટાગ્રામ' પર યુઝર્સ એ જાણવા માગે છે કે, યશસ્વી-મૃણાલ રિલેશનશિપમાં છે કે શું? કેટલાકના મતે બન્નેએ માત્ર મિત્ર તરીકે સાથે ડિનર લીધું હશે. બીજા અમુકનું માનવું છે કે બન્ને જણ જાહેરમાં સાથે જોવા મળ્યા એટલે જરૂર કંઈક તો છે જ.દરમ્યાન, ઑગસ્ટમાં ભારતની ટેસ્ટ ટીમ શ્રીલંકાના પ્રવાસે જશે અને યશસ્વી ઓપનિંગ જોડીમાં જરૂર જોવા મળશે. છેલ્લે તે અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝમાં રમ્યો હતો.

# સિદસર ઉમિયાધામ ખાતે કુર્મી સેના ઉત્તર-પ્રદેશના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી





## જામજોધપુરમાં પટેલ સમાજ ખાતે અગ્રણીઓ સાથે બેઠક પણ યોજાઈ

જામનગર : જામનગરના જામજોધપુર ખાતે આવેલ ઉમિયાધામ સિદસર ખાતે કુર્મી સેના ઉત્તર પ્રદેશના સામાજિક પ્રતિનિધિ મંડળના અગ્રણી ચંદ્રભાણસિંહ પટેલ (પ્રયાગરાજ), રામપ્રસાદજી (કોસંબી), આર. સી. પટેલ (સુલતાનપુર), સ્વામી ભંતેજી (લખનઉ) અને કૂર્મીસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશભાઈ કાલાવડિયા, ગુજરાત પ્રદેશ પ્રવક્તા રમેશભાઈ ધરસંડીયા, પ્રદેશ મહામંત્રી નિલેશભાઈ વાછાણી, મંત્રી ચંદ્રેશભાઈ સવસાણી, રાષ્ટ્રીય પ્રવક્તા કિશનભાઈ વેકરીયા, પ્રદેશ કારોબારી સભ્ય મહેન્દ્રભાઈ તળપદા, કુર્મી સેનાના જામનગર અધ્યક્ષ કિંજલભાઈ કારસરીયા, ઉપાધ્યક્ષ માવજીભાઈ રામોલિયા, મંત્રી પ્રવીણભાઈ ચનીયારા, જામજોધપુરના પાટીદાર અગ્રણી હિરેનભાઈ ખાંટ, નરેન્દ્રભાઈ કડીવાર સહિતના અગ્રણીઓ જોડાયા હતા અને ઊર્મિ સેના દ્વારા આંતર રાજ્ય સમૂહ લગ્નને લઈને વિચારોના આદાન-પ્રદાન કરવામાં આવ્યા હતા. ગુજરાતના પ્રવાસે આવેલા ઉત્તર પ્રદેશના કૃર્મિ આગેવાનોએ પાટીદારો સાથે રોટી બેટીના વ્યવહાર અંગે પણ વિસ્તૃત ચર્ચા વિચારણાઓ કરી હતી અને આવનાર સમયમાં પ્રયાગરાજ ખાતે કુર્મી પાટીદારોનું સંગમ સ્થાન બને તે માટે પણ વિચાર વ્યક્ત કર્યો છે.

# જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર પી. બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લામાં નવી વાજબી ભાવની દુકાનો શરૂ કરવા, મર્જ/ બ્રાન્ચ એફપીએસ કરવા તેમજ જિલ્લા તકેદારી સમિતિની રચના સહિત નાગરિક પુરવઠા સંબંધિત વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન સરકાર માન્ય વાજબી ભાવની દુકાન શરૂ કરવા માટેના પ્રવર્તમાન વસ્તી ધોરણો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ધોરણો અનુસાર ગ્રામ્ય વિસ્તારમાં ૩,૦૦૦ની વસ્તીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ ઓછામાં ઓછી ૭૫ ટકા વસ્તી માટે એક વાજબી ભાવની દુકાન ખોલવા અંગે તેમજ શહેરી વિસ્તારમાં ૭,૫૦૦ની વસ્તીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ ઓછામાં ઓછી ૪૮ ટકા વસ્તી માટે એક વાજબી ભાવની દુકાન ખોલવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૩,૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા વિસ્તારોમાં જરૂરીયાત અને ધોરણો મુજબ મર્જ કે બ્રાન્ચ એફ.પી.એસ. તરીકે કાર્યરત કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

જામનગર શહેરના અંબાજી ચોક વિસ્તાર તેમજ મોરકંડા રોડ, કલ્યાણ સોસાયટી વિસ્તારમાં શહેરી વિસ્તારના ધોરણો મુજબ બે નવી વાજબી ભાવની દુકાનો શરૂ કરવા અંગે આવેલ નવી દુકાનની દરખાસ્ત અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. તેમજ મર્જ એફ.પી.એસ. અને બ્રાન્ચ એફ.પી.એસ. કરવા પાત્ર દુકાનો અંગેની દરખાસ્તોની પણ સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં જગા, દડિયા અને નાઘેડી ગામની દુકાનોનો સમાવેશ થાય છે.

બેઠકમાં જિલ્લા તકેદારી સમિતિની રચના તેમજ નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સંબંધિત વિવિધ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં મેયર મોનિકા વ્યાસ, જિલ્લા પુરવઠા અધિકારી એસ.ડી.બારડ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમણીકભાઈ અકબરી સહિત સંબંધિત અધિકારીઓ તથા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા પોલીસ દ્વારા કબ્જે લીધેલ ૮૬ ભંગાર વાહનોની હરરાજી




ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા તથા ભાણવડ ખાતે પોલીસ દ્વારા સમયાંતરે ચોક્કસ ગુનાઓમાં કબજે લેવામાં આવેલા વાહનોને તેના માલિક છોડાવવા ન આવતા આ અંગેની પ્રક્રિયા બાદ રવિવારે આવા ૮૬ વાહનોની હરાજી કરવામાં આવી હતી. જેમાં સરકારને કુલ રૂા ૭.૧૮ લાખની રકમ ઉપજી હતી.

આ સમગ્ર બાબતે પોલીસ સુત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ ખંભાળિયા વિભાગની ટીમ દ્વારા ખંભાળિયા ઉપરાંત તાલુકાના સલાયા, વાડીનાર તેમજ ભાણવડ પોલીસ મથકમાં એમ.વી. એક્ટની કલમ ૨૦૭ મુજબ કબજે કરવામાં આવેલા વાહનોને છોડાવવા માટે તેના માલિકોને અવારનવાર નોટિસ પાઠવવામાં આવ્યા પછી પણ તેને ન છોડાવતા અને અહીં પડ્યા રહેતા વાહનો ખરાબ થતા હોવાથી અને પોલીસ મથકમાં જગ્યા રોકાતી હોવાથી ખંભાળિયા ડિવિઝન હેઠળના આ પ્રકારના તમામ વાહનો અંગે ડીવાયએસપી મીત રુદલાલના વડપણ હેઠળ ખાસ કમિટી બનાવવામાં આવી હતી. અને આવા ૮૬ જેટલા વાહનોની જાહેર હરાજી કરવાનું નક્કી કરાયું હતું.

આ કાર્યવાહીમાં વિવિધ પ્રકારના ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હિલર મળી આ તમામ વાહનોની અપસેટ વેલ્યુ નક્કી કરીને વિવિધ વેપારીઓની ઉપસ્થિતિમાં આવા વાહનોની હરાજી કરવામાં આવી હતી. આ હરાજીમાં કુલ રૂપિયા ૭ લાખ ૧૮ હાજરની રકમ ઉપજી હતી. જે સરકારમાં જમા કરાવવામાં આવી હતી.

# પાર્વતીદેવી વિદ્યામંદિર પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વાંચન દિવસની ઉજવણી




જામનગર : જામનગર: રાજયવ્યાપી "રાષ્ટ્રીય વાંચન દિવસ"ની ઉજવણીના ભાગરૂપે શ્રીમતી પાર્વતી દેવી વિદ્યામંદિર પ્રાથમિક શાળા, જામનગર ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય ઓમભાઈ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં વાંચનની આદત વિકસે અને જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી વિવિધ વાંચન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પુસ્તક વાંચન, વાર્તા વાચન, કાવ્યપઠન અને અખંડ વાંચન જેવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આચાર્ય ઓમભાઈ શાસ્ત્રીએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે નિયમિત વાંચનથી જ્ઞાનમાં વધારો થાય છે, ભાષા પર પકડ મજબૂત બને છે અને વ્યક્તિત્વના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો મળે છે.

તેમણે વિદ્યાર્થીઓને દરરોજ વાંચન કરવાની ટેવ વિકસાવવા પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અંતે વિદ્યાર્થીઓએ વાંચનને જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો સંકલ્પ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# જામનગરમાં પાવરચોરીના બે કેસમાં મહિલાને દંડ તથા ચાર વર્ષની સજા

જામનગર : જામનગરના નગર સીમ વિસ્તારમાં એક જ મકાનમાં વીજ ચેકીંગ વખતે બે વખત વીજ ચોરી ઝડપાઈ હતી તે કેસમાં આરોપી મહિલાને ચાર વર્ષની સજા આને રૂ.પોણા ચાર લાખના દંડનો સ્પે. કોર્ટે દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

ગત તા. ૧૨/૧૨/૨૦૨૨ ના રોજ વીજ ચેકીંગ અધિકારી એ.આર. પરમાર અને તેના સ્ટાફ તેમજ બીજા કેસમાં તા. ૧૯/૯/ ૨૦૨૪ ના રોજ ચેકીગ અધિકારી પી. બી. પ્રસાદ ધ્વારા નગરસીમ સબ ડીવીઝન હેઠળ આવતાં ધ્વારકેશ - ૫, પાસેના વિસ્તારમાં રહેણાંક મકાનમાં નીતાબેન દેવશીભાઈ જાદવની હાજરી માં વીજ જોડાણ ચેક કરતાં તેઓ ધ્વારા તેઓ ધ્વારા ડાયરેકટ બીનઅધિકૃત રીતે પાવરચોરી કરતાં હોવાનું જણાયું હતું.

જેથી ચેકીંગ અધિકારી ધ્વારા સ્થળ પર ચેકીગશીટ, સ્થળ રોજકામ અને એનેક્ષર – ૪ તૈયાર કરવામાં આવ્યા પછી નગરસિમ સબ ડિવિઝનના નાયબ ઈજનેર ફરીયાદી પ્રતિકસિંહ અશોકસિંહ જાડેજાએ આ કામના આરોપી નીતાબેન દેવશીભાઈ જાદવ વિરૂધ્ધ જીયુવીએનએલ પો. સ્ટે. માં રૂા. ૬૩,૯૦૬.૭૬ તથા બીજા કેસ માં રૂા. ૬૦,૮૧૫.૫૧ ની વિજચોરી અંગે ઈન્ડીયન ઈલેક્ટ્રિસીટી એકટની કલમ - ૧૩૫ મુજબની ફરીયાદ દાખલ કરી હતી.

ત્યાર બાદ સ્પે. કોર્ટમાં બંને કેસો ચાલવા ઉપર આવતા સરકાર ધ્વારા કુલ –૭ સાક્ષી અને ૧૭- દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવ્યા હતા. અને ત્યાર બાદ મુળ ફરીયાદી તથા સરકાર તરફે દલીલો કરેલ જે તમામ દલીલો ધ્યાને લઈ સ્પે. કોર્ટ ધ્વારા આરોપીને બંને કેસમાં રૂા. ૩,૭૫,૦૦૦ દંડ તથા બે-બે વર્ષની સજા તથા પી.જી.વી.સી.એલ. ને રૂા. ૧૫,૦૦૦ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. તેમજ આરોપી નિતાબેન દેવશીભાઈ જાદવ પાસેથી સીવીલ રાહે વસુલાત કરવા માટે દાવો કરવાની જરૂર રહેશે નહી. અને આ હુકમના આધારે ડાયરેકટ દરખાસ્ત દાખલ કરીને પુરવણી બીલની રકમ મેળવી શકાશે.તેવો પણ આદેશ કરાયો છે. આ કેસમાં પી.જી.વી.સી.એલ. તરફે રાજેશ કે. વસીયર તથા સરકાર તરફે સરકારી વકીલ ડી. આર. ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોટીગોપથી ગોપનાથ મહાદેવ મંદિર માર્ગનું નવીનીકરણ કરાયું



જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલું મોટીગોપ ગામ અને ત્યાં સ્થિત પવિત્ર ગોપનાથ મહાદેવ મંદિર સ્થાનિક રહીશો તેમજ દૂર-દૂરથી આવતા શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું અગ્રણી કેન્દ્ર છે. આ પવિત્ર ધામ તરફ જતો મુખ્ય માર્ગ બિસ્માર અને ક્ષતિગ્રસ્ત હાલતમાં હોવાના કારણે વાહનચાલકો તથા દર્શનાર્થીઓને મુસાફરી દરમિયાન ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના કાયમી નિવારણ માટે પંચાયત માર્ગ અને મકાન વિભાગ જામનગર દ્વારા યાત્રાળુઓની સુવિધા તેમજ સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને મોટીગોપ થી ગોપનાથ મહાદેવ મંદિર સુધીના ૫.૧ કી.મી. લંબાઈના સમગ્ર રસ્તા માટે રૂ. ૩૨૭.૧૬ લાખના ખર્ચે નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે.

આ નવીનીકરણ અંતર્ગત ભૌગોલિક પરિસ્થિતિ અને પાણીના યોગ્ય નિકાલને ધ્યાનમાં રાખીને રસ્તા પર જરૂરી સ્થળોએ મજબૂત સી.સી. રોડ તેમજ બાકીના સમગ્ર ભાગ પર ડામર રોડનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. નવો રસ્તો તૈયાર થવાથી શ્રાવણ માસ તેમજ વિવિધ ધાર્મિક તહેવારો દરમિયાન મહાદેવના દર્શનાર્થે આવતા હજારો ભક્તો માટે મુસાફરી અત્યંત સલામત, સરળ અને ઝડપી બનશે.

આ ઉપરાંત, મોટીગોપ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકો માટે વાહનોની સુગમ અવરજવર સુનિશ્ચિત થતાં સમય અને ઈંધણ બંનેની મોટી બચત થશે. માર્ગના આ કાયાકલ્પથી સ્થાનિક ગ્રામજનો અને દર્શનાર્થીઓમાં હર્ષ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા યોજાઈ




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર જિલ્લાની સામાન્ય સભા જિ.પં. પ્રમુખ રંજનબેન જીવાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સભામાં જિ.પં.ની શિક્ષણ સમિતિના સભ્યોની ફેરબદલીનો ઠરાવ કરવામાં આવ્યો હતો, જેમાં શિક્ષણ સમિતિના અધ્યક્ષ વનિતાબેન ઉઘાડના સ્થાને સામાબેન અકબરીની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ટેન્ડર પ્રક્રિયામાં વેલિડિટીનો સમયગાળો ૧૮૦ દિવસમાંથી વધારી ૩૬૦ દિવસનો કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો

## હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ દ્વારા

# જામનગરમાં કારગિલ વિજય દિવસે શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં કારગિલ વિજય દિવસ નિમિત્તે હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ દ્વારા શહેરના લાખોટા તળાવની પાળ પર આવેલા શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાલાર જિલ્લાના માજી સૈનિકો તેમજ કારગિલ સહિત દેશની રક્ષા માટે શહીદ થયેલા જવાનોના પરિવારજનોએ ઉપસ્થિત રહી શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ શહીદોના અદમ્ય શૌર્ય, બલિદાન અને રાષ્ટ્રસેવાને યાદ કરી તેમને નમન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન 'ભારત માતા કી જય', 'વંદે માતરમ' તેમજ શહીદોના સન્માનમાં દેશભક્તિના નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

માજી સૈનિકોએ જણાવ્યું હતું કે કારગિલના વીર જવાનોએ દેશની અખંડિતતા અને સુરક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી, તેમનું બલિદાન દેશવાસીઓ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ શહીદોના બલિદાનને ક્યારેય ન ભૂલવાનો અને દેશપ્રેમની ભાવના વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં એબીવીપી દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તે વિજય ઉત્સવની ઉજવણી




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં કારગિલ વિજય દિવસ નિમિત્તે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એ.બી.વી.પી.) દ્વારા રવિવાર, તા. ૨૬ જુલાઈના રોજ 'વિજય ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૧૧:૩૦ કલાકે ડી.કે.વી. સર્કલ ખાતે યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી, તેમજ તેમના શૌર્ય અને બલિદાનને યાદ કરીને રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપવામાં આવ્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શહેરના નાગરિકો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો ને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## હેપ્પી બર્થ-ડે

# જામનગર જિલ્લા ભાજપ મહામંત્રી ભરતભાઈ દલસાણીયાનો આજે જન્મદિવસ



જામનગર જિલ્લા ભાજપના પીઢ, સમર્પિત અને સંગઠન ક્ષેત્રે અનુભવ ધરાવતા મહામંત્રી ભરતભાઈ દલસાણીયાનો આજે જન્મ દિવસ હોઈ સમગ્ર જિલ્લાના રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.મૂળ જોડિયા તાલુકાના નાના એવા લખતર ગામના વતની અને હાલ ધ્રોલ ખાતે સ્થાયી થયેલા ભરતભાઈ દલસાણીયાની રાજકીય સફર ભાજપના પાયાના કાર્યકરો માટે પ્રેરણારૂપ રહી છે. સંગઠન પ્રત્યેની તેમની નિષ્ઠા અને કાર્યકુશળતાને ધ્યાને રાખી હાલ તેઓ હાલમાં જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી તરીકે સક્રિય રીતે જવાબદારી નિભાવી રહ્યા છે. આજરોજ તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર ૯૮૭૯૨ ૯૨૩૦૩ છે.

# ભારતીય ખલાસીઓની સુરક્ષા અંગે સરકારે યુક્રેનિયન રાજદૂતને સમન્સ પાઠવ્યા

## કાર્ગો જહાજ એમવી એજીએન રાગ્નાર પર યુક્રેનિયન બંદર ઓડેસા પર હુમલો કરવામાં આવ્યો હતો

નવીદિલ્હી,
ભારતે કાળા સમુદ્રના ક્ષેત્રમાં ભારતીય ખલાસીઓની સલામતી અંગે એક મોટું રાજદ્વારી પગલું ભર્યું. યુક્રેનિયન બંદર ઓડેસા પર ભારતીય ક્રૂ કાર્ગો જહાજ એમવી એજીએન રાગ્નાર પર થયેલા હુમલા બાદ સોમવારે વિદેશ મંત્રાલયે યુક્રેનિયન રાજદૂત ડૉ. ઓલેક્ઝાન્ડર પોલિશચુકને સમન્સ પાઠવ્યા હતા. જહાજમાં ચાર ભારતીય ક્રૂ સભ્યો હતા. આ ઘટના બાદ, ભારતે સ્પષ્ટતા કરી હતી કે સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતા ભારતીય નાગરિકોની સલામતી તેની ટોચની પ્રાથમિકતા છે. છેલ્લા અઠવાડિયામાં ભારતીય ક્રૂ સાથે જહાજો સાથે સંકળાયેલી આ ત્રીજી ગંભીર ઘટના છે, જે નવી દિલ્હીની ચિંતામાં વધારો કરે છે.

ભારતીય દૂતાવાસ અનુસાર, શનિવારે યુક્રેનિયન બંદર ઓડેસા પર એમવી એજીએન રાગ્નાર પર હુમલો થયો હતો. ઓડેસા કાળા સમુદ્ર પરનું એક મુખ્ય બંદર છે અને ૨૦૨૨ માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી તેણે અનેક હુમલાઓનો સામનો કરવો પડ્યો છે. જહાજમાં ચાર ભારતીય ક્રૂ સભ્યો હતા. દૂતાવાસે જણાવ્યું હતું કે બે ભારતીય ખલાસીઓ સુરક્ષિત મળી આવ્યા છે, જ્યારે બાકીના બેની શોધ ચાલુ છે. આ ઘટના બાદ, ભારતે યુક્રેનિયન રાજદૂતને બોલાવીને તેની ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકો માટે એક સલાહકાર જારી કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે સંઘર્ષગ્રસ્ત દરિયાઈ વિસ્તારોમાં કાર્યરત વ્યાપારી જહાજો પર કામ કરવાની યોજના બનાવી રહેલા ભારતીય નાગરિકોએ સુરક્ષા જોખમોનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું જોઈએ. મંત્રાલયે સંકેત આપ્યો હતો કે સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતા ભારતીય ખલાસીઓએ વધારાની સાવધાની રાખવાની જરૂર છે. ભારત તેના નાગરિકોની સલામતી પર સતત નજર રાખી રહ્યું છે અને આવા મુદ્દાઓ પર સંબંધિત દેશો સાથે સીધા સંપર્કમાં છે.

ગયા અઠવાડિયે જ, એમવી ગોલ્ડન લીઓ નામના વ્યાપારી જહાજ પર રશિયન હુમલામાં ચાર ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. તે ઘટના બાદ, વિદેશ મંત્રાલયે કાર્યકારી રશિયન રાજદૂત વ્લાદિમીર લાદાનોવને પણ બોલાવ્યા હતા.

તે સમયે રશિયન રાજદૂત નવી દિલ્હીમાં હાજર ન હતા, તેથી કાર્યકારી રાજદૂતને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. ૧૮ જુલાઈથી કાળા સમુદ્રના ક્ષેત્રમાં થયેલા હુમલાઓમાં કુલ પાંચ ભારતીય ખલાસીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ વારંવારની ઘટનાઓ બાદ, ભારતે બંને પક્ષો સાથે ભારતીય નાગરિકો અને જહાજોની સલામતીનો મુદ્દો મજબૂતીથી ઉઠાવ્યો છે.

રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે કાળો સમુદ્ર ક્ષેત્ર સતત સંઘર્ષનું કેન્દ્ર રહ્યું છે. ભારતીય ખલાસીઓ દ્વારા સંચાલિત જહાજો સહિત મોટી સંખ્યામાં વેપારી જહાજો આ પ્રદેશમાંથી પસાર થાય છે.

# જનરલ-ઝેડ શાંતિથી વિચારતા નથી; તેઓ જે યોગ્ય લાગે છે તેના તરફ આકર્ષાય છે, મોહન ભાગવત

## ભાગવતે હૈદરાબાદમાં વિશ્વ માંગલ્ય સભા દ્વારા સમકાલીન માતૃત્વ વિષય પર આયોજિત કાર્યક્રમને સંબોધન કર્યું

હૈદરાબાદ,
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું કે લગ્ન એક શિસ્ત છે જે ધર્મ સ્થાપિત કરે છે, જ્યારે સહ-જીવન સંબંધોની વાસ્તવિકતા સમગ્ર વિશ્વમાં જોઈ શકાય છે. મોહન ભાગવતે હૈદરાબાદમાં વિશ્વ માંગલ્ય સભા દ્વારા "સમકાલીન માતૃત્વ" વિષય પર આયોજિત કાર્યક્રમને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. ભાગવતે જનરલ-ઝેડ વિશે પણ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.



મોહન ભાગવતે કહ્યું કે જનરલ ઝેડ લોકો બીજાના માર્ગે ચાલે છે, ભાવનાશીલ હોય છે અને શાંતિથી વિચારતા નથી. ભાગવતે કહ્યું કે યેહ-ઢ લોકો જે યોગ્ય માને છે તેના તરફ આકર્ષાય છે. તેમણે કહ્યું, "લગ્ન એ એક શિસ્ત છે જે ધર્મ સ્થાપિત કરે છે. તેનો વિકલ્પ સહ-જીવન છે. તેના પરિણામો શું છે? અમને જવાબદારીઓ નથી જોઈતી, અમે ફક્ત ખુશી ઈચ્છીએ છીએ. જ્યાં સુધી તમને મન થાય ત્યાં સુધી સાથે રહો, અને જ્યારે તમને ન ગમે ત્યારે અલગ થઈ જાઓ. કોઈ જવાબદારી નથી. આનાથી શું થશે? જે વધી રહ્યું છે તે આખી દુનિયામાં જોઈ શકાય છે."તેમણે કહ્યું કે જ્યારે આધુનિકતા પણ જરૂરી છે, ત્યારે સમય સાથે બદલાવ એ દેશની પરંપરાઓનો પણ નિયમ છે.

# પેપર લીક કેસમાં છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિશનના ભૂતપૂર્વ ચેરમેનની કરાઈ ધરપકડ

રાયપુર,
એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિશનના ભૂતપૂર્વ ચેરમેન, તમન સિંહ સોનવાણીની કથિત પેપર લીક અને પરીક્ષા પ્રક્રિયામાં હેરાફેરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પૂછપરછ બાદ સોનવાણીને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂછપરછ બાદ, સોનવાણીને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે પૂછપરછ દરમિયાન સોનવાણીના જવાબો "છૂટાછવાયા" હતા.

આ કેસ ૨૦૨૦ અને ૨૦૨૧ માં છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવામાં આવેલી રાજ્ય સેવા પરીક્ષાઓમાં કથિત પેપર લીક અને પસંદગી પ્રક્રિયામાં અનિયમિતતાના આરોપો સાથે સંબંધિત છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સીબીઆઈ એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી.સીબીઆઈએ રાજ્ય પોલીસ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે કેસ દાખલ કર્યો હતો. કોંગ્રેસને હરાવીને ભાજપ છત્તીસગઢમાં સત્તામાં આવ્યા પછી નવેમ્બર ૨૦૨૩ માં આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ૨૦૨૪ માં સીબીઆઈ દ્વારા સોનવાણીની ધરપકડ કરવામાં આવી હતી. ઈડીનો આરોપ છે કે સોનવાણીએ પ્રશ્નપત્રો લીક કરીને ગેરકાયદેસર નાણાકીય લાભ મેળવ્યો હતો અને લાંચ આપનારા તેના સંબંધીઓ અને ઉમેદવારોને ફાયદો પહોંચાડવા માટે પસંદગી પ્રક્રિયામાં છેડછાડ કરી હતી.

# રામ મંદિર દાન ચોરીની તપાસ માટે નવી એસઆઈટીની રચના

## કિરણ એસ ચાર સભ્યોની ટીમના વડા, સીએનો પણ સમાવેશ

નવીદિલ્હી,
રામ મંદિર દાન ચોરી કેસની તપાસ માટે એક નવી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં ઉત્તર પ્રદેશ સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ માહિતી આપી. તેમણે સુપ્રીમ કોર્ટને માહિતી આપી કે દાન ચોરી કેસની વધુ તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે. આ તપાસ ટીમમાં ચાર લોકોનો સમાવેશ થાય છે.આઈજી કિરણ એસ તપાસ ટીમના વડા છે. તેમની સાથે બે પોલીસ અધિકારીઓ પણ છે, જે ડીઆઈજી અને એસપી રેન્કના છે. તપાસ ટીમમાં એક ચાર્ટર્ડ



એકાઉન્ટન્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

રામ મંદિર દાન ચોરી કેસ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન, ઉત્તર પ્રદેશ સરકારે જણાવ્યું હતું કે ૨૫ જુલાઈના રોજ એક નવી એસઆઈટીની રચના કરવામાં આવી હતી. સરકારનું પ્રતિનિધિત્વ કરતા એસજી મહેતાએ સુપ્રીમ કોર્ટના સૂચન સાથે સંમતિ વ્યક્ત કરી હતી કે રામ મંદિર દાન ચોરી કેસની તપાસ માટે રચાયેલી એસઆઈટીમાં ફોરેન્સિક ઓડિટરનો સમાવેશ થવો જોઈએ. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે નવી એસઆઈટી બે અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કરે.દરમિયાન, ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટને જાણ કરી કે રામ મંદિરના પ્રસાદ ચોરી કેસની પોલીસ તપાસ પર દેખરેખ રાખવા માટે ૨૫ જુલાઈના રોજ એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી છે.

૨૦ જુલાઈના રોજ આ કેસની છેલ્લી સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટે નવી એસઆઈટી બનાવવાનું સૂચન કર્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે અગાઉની એસઆઈટીમાં લખનૌ કમિશનર, નાણાં વિભાગના વિશેષ સચિવ અને લખનૌના એક વરિષ્ઠ આઈપીએસ અધિકારીનો સમાવેશ થતો હતો.

# છત્તીસગઢમાં અગ્નિવીરોને 10% અનામત, કેબિનેટ બેઠકમાં લેવામાં આવેલા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો

રાયપુર,
મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા. કેબિનેટે 'છત્તીસગઢ અગ્નિવીર સૈનિક અનામત (રાજ્ય સિવિલ સેવાઓમાં વર્ગ-૩ની જગ્યાઓમાં ખાલી જગ્યાઓનું અનામત) નિયમો, ૨૦૨૬' લાગુ કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી. આ અંતર્ગત, અગ્નિવીર સૈનિકો માટે વર્ગ-૩ ની જગ્યાઓ પર સીધી ભરતીમાં ૧૦ ટકા અનામતની જોગવાઈ છે, ખાસ કરીને પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ, વન અને આબોહવા પરિવર્તન વિભાગમાં વન રક્ષકો અને જેલ વિભાગમાં વોર્ડરો.

આ નિર્ણય ૨૬ જુલાઈ, ૨૦૨૪ ના રોજ રાજ્ય વિધાનસભામાં સીએમ સાઈ દ્વારા કરવામાં આવેલી જાહેરાતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો. આનાથી ભારતીય સશસ્ત્ર દળોમાં ચાર વર્ષની સેવા પૂર્ણ કરી ચૂકેલા અને માન્ય સેવા પ્રમાણપત્ર સાથે સેવામાંથી મુક્ત થયેલા અગ્નિવીરોને ફાયદો થશે. આ પગલાથી ભૂતપૂર્વ અગ્નિવીરોને રોજગારની વધુ સારી તકો મળશે, જ્યારે પોલીસ, વન અને જેલ વિભાગોને તેમની તાલીમ, શિસ્ત અને અનુભવનો લાભ મળશે.

વધુમાં, મંત્રીમંડળની બેઠકમાં ખેડૂતોને ખાતરની સમયસર અને સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને રાજ્યમાં ખાતરના પુરવઠા, વિતરણ અને વ્યવસ્થાપનમાં સુધારો કરવા માટે પગલાં સૂચવવા માટે કેબિનેટ પેટા-સમિતિની રચનાને મંજૂરી આપવામાં આવી.

# બ્રિટનના નવા મંત્રીમંડળમાં ભારતીય મૂળના ત્રણ સાંસદોને મુખ્ય ફ્રન્ટ-બેન્ચ જવાબદારીઓ

## નવા મંત્રીમંડળમાં કનિષ્ક નારાયણને એઆઈ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

લંડન,
બ્રિટિશ વડા પ્રધાન એન્ડી બર્નહામે તેમના નવા મંત્રીમંડળની જાહેરાત કરી છે. મંત્રીમંડળમાં થયેલા ફેરબદલમાં, ત્રણ ભારતીય મૂળના લેબર સાંસદોને મુખ્ય ફ્રન્ટ-બેન્ચ જવાબદારીઓ સોંપવામાં આવી છે. કનિષ્ક નારાયણને કૃત્રિમ બુદ્ધિ (એઆઈ) મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે સતવીર કૌર અને હરપ્રીત ઉપ્પલને પણ સરકારમાં મહત્વપૂર્ણ પદો સોંપવામાં આવ્યા છે.

નવા મંત્રીમંડળમાં કનિષ્ક નારાયણને કૃત્રિમ બુદ્ધિ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સતવીર કૌર અને હરપ્રીત ઉપ્પલને પણ મહત્વપૂર્ણ સરકારી પદો સોંપવામાં આવ્યા છે. આ નિમણૂકો લેબર સરકારમાં ભારતીય મૂળના સાંસદોની ભાગીદારીને વધુ મજબૂત બનાવે છે. શ્રીલંકાના તમિલ મૂળના હિન્દુ સાંસદ ઉમા કુમારનને વિદેશ કાર્યાલયમાં જુનિયર મંત્રી તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સાથે, ફ્રન્ટ-બેન્ચમાં હવે બે હિન્દુ અને બે શીખ મંત્રીઓનો સમાવેશ થાય છે. કેબિનેટ ફેરબદલમાં, ભારતીય મૂળના વરિષ્ઠ નેતા સીમા મલ્હોત્રા, જે ઈન્ડો-પેસિફિક મંત્રી હતા, અને ભૂતપૂર્વ જુનિયર આરોગ્ય મંત્રી પ્રીત કૌર ગિલને બેકબેન્ચમાં ઉતારી દેવામાં આવ્યા હતા. બંનેને ભૂતપૂર્વ વડા પ્રધાન સર કીર સ્ટાર્મરની નજીક માનવામાં આવતા હતા. દરમિયાન, ભારતીય મૂળની લિસા નંદી, જેમના પિતાનો જન્મ કોલકાતામાં થયો હતો, તેઓ સંસ્કૃતિ મંત્રીનું પદ સંભાળી રહ્યા છે અને મંત્રીમંડળનો પણ ભાગ છે.

બિહારના મુઝફ્ફરપુરમાં જન્મેલા કનિષ્ક નારાયણ ૧૨ વર્ષની ઉંમરે તેમના પરિવાર સાથે વેલ્સ ગયા. તેમણે એટન કોલેજ, ઓક્સફર્ડ યુનિવર્સિટી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવ્યું. જુલાઈ ૨૦૨૪ માં, તેઓ ગ્લેમોર્ગન ખીણ માટે લેબર પાર્ટીના સાંસદ તરીકે ચૂંટાયા.

# હુમલાખોરી કરનાર સામે કડક કાર્યવાહી કરો, વિદ્યાર્થીઓ પર નહીં : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

## બિહારમાં વિરોધ પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ પર એકે-૪૭ રાઈફલના ઉપયોગના આરોપો પર મોદી સરકાર પર પ્રહાર કર્યા



નવીદિલ્હી,
સોમવારે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં વિરોધ પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ પર એકે-૪૭ રાઈફલના ઉપયોગના આરોપો પર મોદી સરકાર પર પ્રહાર કર્યા. તેમણે માંગ કરી કે વિદ્યાર્થીઓ પર હુમલો કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે. રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓની માફી માંગે તેવી પણ માંગ કરી હતી.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી. તેમાં તેમણે લખ્યું હતું કે, "વિદ્યાર્થીઓ સામેની આખી સિસ્ટમ ઘાતક છે. એવા અહેવાલો છે કે બિહારમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે એકે-૪૭નો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી રહી છે અને તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી રહી છે." તેમણે લખ્યું હતું કે, "મોદીજી, તમારું વચન ક્યાં છે કે વિદ્યાર્થીઓ વિરુદ્ધ કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવશે નહીં અને તેમને છોડી મૂકવામાં આવશે? તેના બદલે, તેમની સામે ઘાતક હુમલા અને ક્રૂરતા કરવામાં આવી રહી છે."

# પંજાબમાં ૧.૩ કિલોગ્રામ હાઈ-એક્સપ્લોઝિવ આઈડી મળી આવ્યું : ઓપરેટરની ધરપકડ

## પોલીસે પંજાબમાં મોટા આતંકવાદી હુમલાનું કાવતરું નિષ્ફળ બનાવ્યું

જલંધર,
પંજાબ પોલીસે સ્વતંત્રતા દિવસ પહેલા પંજાબમાં મોટા આતંકવાદી હુમલાનું કાવતરું નિષ્ફળ બનાવ્યું. કાઉન્ટર ઈન્ટેલિજન્સ જાલંધર અને જલંધર ગ્રામીણ પોલીસે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ દ્વારા સમર્થિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે અને તેના મુખ્ય ઓપરેટરની ધરપકડ કરી છે.

આરોપી પાસેથી ૧.૩ કિલોગ્રામ ઉચ્ચ વિસ્ફોટકોથી બનેલું એક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ મળી આવ્યું છે. પોલીસનું કહેવું છે કે સમયસર કાર્યવાહીથી મોટા પાયે જાનહાનિ કરવાના કાવતરાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે.

ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ સતબીર સિંહ તરીકે થઈ છે, જે જલંધરના આદમપુરના પડિયાણા ગામનો રહેવાસી છે. તેના કબજામાંથી એક કાળી પ્લેટિના મોટરસાઈકલ પણ મળી આવી છે.

પંજાબના પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું હતું કે કાઉન્ટર ઈન્ટેલિજન્સે વિશ્વસનીય માહિતી મેળવી હતી કે બીકેટીનો એક સક્રિય સભ્ય તેના વિદેશી હેન્ડલરોના નિર્દેશ પર વિસ્ફોટક સામગ્રી લાવવાનો છે. આ પછી, કાઉન્ટર ઈન્ટેલિજન્સ અને જલંધર ગ્રામીણ પોલીસે ધનદૌર ગામ નજીક સંયુક્ત નાકાબંધી હાથ ધરી હતી. તપાસ દરમિયાન, સતબીર સિંહને રોકીને તેની બેગની તલાશી લેવામાં આવી હતી, જેમાં એક આઈઈડી મળી આવ્યો હતો. ડીજીપીએ જણાવ્યું હતું કે આઈઈડીમાં લોખંડના ગોળીઓ અને બોલ બેરિંગ્સનો મોટો જથ્થો ભરેલો હતો, જે દર્શાવે છે કે તે રાજ્યમાં મહત્તમ જાનહાનિ અને આતંક ફેલાવવા માટે બનાવવામાં આવ્યો હતો.

# શાંતિપૂર્ણ વિરોધ એ બંધારણીય ગેરંટી છે, પોલીસ અત્યાચારો વાજબી નથી : સુપ્રીમ કોર્ટ

## શાંતિપૂર્ણ વિરોધ માટે રાષ્ટ્રવ્યાપી પ્રોટોકોલ સ્થાપિત કરવા સુપ્રીમ કોર્ટની વિચારણા



નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર એક બંધારણીય ગેરંટી છે જેને નકારી શકાય નહીં. કોર્ટે સંકેત આપ્યો હતો કે તે શાંતિપૂર્ણ વિરોધ માટે રાષ્ટ્રવ્યાપી પ્રોટોકોલ સ્થાપિત કરવાનું વિચારશે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે આ પ્રોટોકોલ શાંતિપૂર્ણ વિરોધ માટે પૂરતી જગ્યા પૂરી પાડશે અને અધિકારીઓને અસામાજિક તત્વો સાથે વ્યવહાર કરવાની મંજૂરી આપશે. પોલીસ અતિરેકનો આરોપ લગાવતી અરજીઓની સુનાવણી દરમિયાન આ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આ આરોપોમાં નીટ યુજી પેપર લીક અને શિક્ષણ અને પરીક્ષા પ્રણાલીમાં અન્ય અનિયમિતતાઓનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ શામેલ હતો.

વરિષ્ઠ વકીલો ગોપાલ શંકરનારાયણન, કોલિન ગોન્સાલ્વિસ અને વિકાસ સિંહ વિદ્યાર્થીઓ પર કથિત હુમલાઓ માટે પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરતા અલગ અરજદારો તરફથી હાજર થયા હતા. એક વકીલે એક અલગ અરજીનો ઉલ્લેખ કર્યો હતો જેમાં બેકાબૂ ટોળા દ્વારા પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારો પર ક્રૂર હુમલાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચે કહ્યું કે આ મુદ્દા પર રાષ્ટ્રીય સ્તરે વિચારણા કરવાની જરૂર છે.

સીજેપીએ કહ્યું, "શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર બંધારણમાં સમાવિષ્ટ છે. શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર સંપૂર્ણપણે ગેરંટીકૃત છે. તેને નકારી શકાય નહીં. ફક્ત એટલા માટે કે વિરોધ થઈ રહ્યો છે તે પોલીસ અતિરેકને યોગ્ય ઠેરવતું નથી." જોકે, કોર્ટે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કર્મચારીઓ પર હુમલાના આરોપો પર પણ ચિંતા વ્યક્ત કરી હતી. જ્યારે એક વકીલે બેકાબૂ ટોળા દ્વારા પોલીસ કર્મચારીઓને ઘાયલ થવા અને તેમના પરિવારો પર હુમલો કરવાના બનાવોનો ઉલ્લેખ કર્યો ત્યારે જસ્ટિસ જોયમલ્યા બાગચીએ કહ્યું, "પોલીસને થતી ઈજાઓ પણ એટલી જ ચિંતાજનક છે. આપણે રાજ્ય પાસેથી જવાબ માંગી શકીએ છીએ કે પૂરતા સુરક્ષા પગલાં કેમ લેવામાં આવ્યા ન હતા."

સીજેપીએ કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન માટે રાષ્ટ્રવ્યાપી પ્રોટોકોલ હોવો જોઈએ. "જ્યારે કોઈ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માંગે છે, ત્યારે એક પ્રોટોકોલ હોવો જોઈએ. તેના માટે યોગ્ય સ્થાન હોવું જોઈએ.

# ૨૦૨૫-૨૬માં કુદરતી આફતોથી ૧૦૩.૨૮ લાખ હેક્ટર પાકને અસર થઈ હતી

## ભારતની આશરે ૬૦ ટકા વસ્તી તેમની આજીવિકા માટે ખેતી પર નિર્ભર

નવીદિલ્હી,
ભારતની આશરે ૬૦ ટકા વસ્તી તેમની આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. પૂર, દુષ્કાળ, ગરમીના મોજા, કમોસમી વરસાદ અને અન્ય આબોહવા સંબંધિત આફતોથી આ આજીવિકા સતત પ્રભાવિત થઈ રહી છે અને ગંભીર રીતે નુકસાન થઈ રહી છે. રાજ્યસભામાં આ નુકસાન અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી આફતોથી પ્રભાવિત કૃષિ વિસ્તારમાં તીવ્ર વધારો થયો છે. ૨૦૨૫-૨૬માં, આ આંકડો ૧૦૩.૨૮ લાખ હેક્ટર (૧૦ મિલિયન હેક્ટર) પર પહોંચ્યો, જે પાછલા બે વર્ષ કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

સરકારી માહિતી અનુસાર, ૨૦૨૩-૨૪માં ૯.૩૯ લાખ હેક્ટર, ૨૦૨૪-૨૫માં ૧૩.૨૦ લાખ હેક્ટર અને ૨૦૨૫-૨૬માં ૧૦૩.૨૮૪ લાખ હેક્ટર ખેતીલાયક જમીન કુદરતી આફતોથી પ્રભાવિત થઈ હતી. આનો સ્પષ્ટ અર્થ એ છે કે એક જ વર્ષમાં અસરગ્રસ્ત કૃષિ વિસ્તારમાં લગભગ આઠ ગણો વધારો થયો છે. સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. જો કે, સરકારી માહિતી અનુસાર, બિહાર, રાજસ્થાન, કેરળ, મધ્યપ્રદેશ અને કેટલાક અન્ય રાજ્યોએ કાં તો કોઈ નુકસાનની જાણ કરી નથી અથવા કોઈ ડેટા આપ્યો નથી.

૨૦૨૫-૨૬માં જે રાજ્યોમાં સૌથી વધુ કૃષિ ક્ષેત્રો પ્રભાવિત થયા છે તેમાં મહારાષ્ટ્રઃ ૭૫.૪૨ લાખ હેક્ટર,કર્ણાટકઃ ૧૪.૮૧ લાખ હેક્ટર,હરિયાણાઃ ૪.૩૨ લાખ હેક્ટર,ઉત્તર પ્રદેશઃ ૨.૨૨ લાખ હેક્ટર,પંજાબઃ ૧.૯૩ લાખ હેક્ટર,આંધ્ર પ્રદેશઃ ૧.૫૧ લાખ હેક્ટર છે

આઈસીએઆરના એનઆઈસીઆરએ પ્રોજેક્ટ હેઠળ, ૬૫૧ કૃષિ જિલ્લાઓનું આબોહવા જોખમ મૂલ્યાંકન પણ હાથ ધરવામાં આવ્યું હતું. આમાંથી ૩૧૦ જિલ્લાઓ સંવેદનશીલ હોવાનું જાણવા મળ્યું છે. આમાંથી ૧૦૯ જિલ્લાઓ અત્યંત સંવેદનશીલ શ્રેણીમાં છે અને ૨૦૧ જિલ્લાઓ અત્યંત સંવેદનશીલ શ્રેણીમાં છે. હાલમાં, આવી પરિસ્થિતિઓને કારણે કૃષિમાં નોંધપાત્ર નુકસાન અટકાવવા માટે, ૧૫૧ સંવેદનશીલ જિલ્લાઓમાં ૪૪૮ આબોહવા-સ્થિતિસ્થાપક ગામો વિકસાવવામાં આવી રહ્યા છે. ૨૦૧૪-૨૦૨૪ દરમિયાન, ૨,૯૦૦ નવી પાક જાતો બહાર પાડવામાં આવી હતી, જેમાંથી ૨,૬૬૧ આબોહવા અથવા જૈવિક તાણનો સામનો કરવા સક્ષમ છે.

સંસદમાં આપેલા પોતાના પ્રતિભાવમાં, સરકારે કુદરતી આફતોથી થતા નુકસાન માટે ખેડૂતોને વળતર આપવાની પ્રક્રિયા પણ સમજાવી. કેન્દ્ર સરકાર અનુસાર, કુદરતી આફતોમાં રાહત આપવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોની છે.

# કાલાવડમાં રમવા ગયેલ બે સગીર બાળકો રહસ્યમય રીતે ગુમ થતા પરિવારમાં દોડધામ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં રમવા માટે ઘરેથી નીકળેલા બે સગીર બાળકો રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં પરિવારમાં ચિંતા ફેલાઈ છે. બંને બાળકોની શોધખોળ છતાં કોઈ ભાળ ન મળતાં તેમના વાલીઓએ અજાણ્યા શખ્સ સામે કાયદેસરના વાલીપણામાંથી અપહરણની શંકા વ્યક્ત કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## એક બાળક સુરેન્દ્રનગર હોવાની પોલીસને માહિતી મળતાં કાલાવડની પોલીસ ટુકડી તાબડતોબ દોડી ગઈ

પ્રાપ્ત વિગત મુજબ, કાલાવડના જીવાપર રોડ પર આવેલા કૈલાશનગરમાં રહેતા અને લીમડા ચોક ખાતે શિવમ પ્રોવિઝન સ્ટોર ચલાવતા નીલેષગીરી રામગીરી અપારનાથીનો ૯ વર્ષીય પુત્ર ગત તા. ૨૭ જુલાઈની સાંજે આશરે ૬ વાગ્યે પડોશમાં રહેતા તેના મિત્ર (ઉ.વ. ૧૪) સાથે રમવા જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. જે પોતાની સાથે રૂપિયા ૩૦૦ રાખેલું પાકીટ પણ લઈ ગયો હતો.

સાંજે ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેના ઘરે તેમજ આસપાસના વિસ્તારમાં અને સગા-સંબંધીઓ પાસે શોધખોળ કરી હતી. જોકે બંને બાળકોનો કોઈ પત્તો ન લાગતાં વાલીઓએ અજાણ્યા શખ્સે બંને સગીરોનું અપહરણ કરી લઈ ગયો હોવાની શંકા વ્યક્ત કરી કાલાવડ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

કાલાવડ પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ સામે કાયદેસરની કલમો હેઠળ ગુનો નોંધી બંને સગીરોની શોધખોળ સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

જે તપાસ દરમિયાન આજે સવારે પોલીસને ચોક્કસ બાતમી મળી છે, કે એક બાળક સુરેન્દ્રનગર સુધી પહોંચ્યો છે. જેથી કાલાવડની પોલીસ ટુકડી તાત્કાલિક અસરથી સુરેન્દ્રનગર રવાના થઈ ગઈ છે, અને સ્થાનિક પોલીસનો સંપર્ક સાધીને બાળકનો કબજો મેળવવા કાર્યવાહી હાથ ધરી છે.

# કલ્યાણપુરના નંદાણા પાસે છકડો રીક્ષા પલ્ટી ખાઈ જતા ચાલકનું મૃત્યુ

### અન્ય ત્રણ મહિલાને નાની-મોટી ઈજા : કાર ચાલકે પાછળથી ઠોકર મારતા બન્યો બનાવ




ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામ પાસે પાછળથી કાર ચાલકે આગળ જતી છકડો રીક્ષાને ઠોકર મારી જીવલેણ અકસ્માત સર્જ્યો હતો જેમાં છકડો રીક્ષા ચાલકને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેઓનું મૃત્યુ નિપજ્યું હતું જ્યારે છકડો રીક્ષામાં બેસેલ ત્રણ મહિલાને નાની - મોટી ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે મૃતકના સંબંધીએ કાર ચાલક સામે સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના જુવાનપુર ગામે રહેતા ભરતભાઈ ગોવિંદભાઈ સોનગરા પોતાના ઘરેથી જી. જે. ૩૭. યુ. ૧૦૫૭ નંબરની છકડો રિક્ષામાં મણીબેન ભાણજીભાઈ ડાભી તથા હીરાબેન જેન્તીભાઈ ડાભી તથા ક્રિષાબેન જેન્તીભાઈ ડાભી વિગેરેને બેસાડી ભાટીયા જવા નીકળ્યા હોય દરમિયાન નંદાણા ગામના પાટીયા પાસે આવેલ મામાદેવના મંદિર પાસે પહોંચતા ત્યાંથી પૂરઝડપે પસાર થતી જી. જે. ૧૮. ઈ. બી. ૭૭૬૫ નંબરની કારના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી છકડો રીક્ષાને પાછળથી ઠોકર મારતા પલ્ટી ખાઈ ગયો હતો જેમાં છકડો રીક્ષાના ચાલક ભરતભાઈ સોનગરાને શરીરે માથાના ભાગમાં ગંભીર ઈજા પહોંચતા તેઓનું મૃત્યુ નિપજ્યું હતું.

જ્યારે તેમાં સવાર મહિલાઓને નાની - મોટી ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે કાર ચાલક સામે હેમંતભાઈ જાદાભાઈ સોનગરાએ ફરિયાદ નોંધાવતા પીએસઆઇ એન .એન . વાળા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાર ચાલકને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# જામનગરમાં ૧૨૨ ખાદ્ય નમૂનાઓનું પરીક્ષણ, ૮ સામે થશે કાયદાકીય કાર્યવાહી

જામનગર : જામનગર જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૬ માસ દરમિયાન ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા ખોરાક અને ઔષધ નિયામક કચેરી દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ ખાદ્ય પદાર્થોના નમૂનાઓનું પરીક્ષણ, નાપાસ નમૂનાઓ સામે કાયદેસરની કાર્યવાહી તેમજ ફૂડ સેફ્ટી અંગે જનજાગૃતિના કાર્યક્રમો સતત અમલમાં મૂકવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન વિભાગ દ્વારા કુલ ૧૨૨ ખાદ્ય નમૂનાઓ લેવામાં આવ્યા હતા. તે પૈકી ૩૬ નમૂનાઓના પૃથક્કરણ અહેવાલ પ્રાપ્ત થયા છે, જેમાંથી ૧ નમૂનો નાપાસ જાહેર થયો છે જ્યારે બાકીના નમૂનાઓ પરીક્ષણ હેઠળ છે.

વધુમાં, ગત એક વર્ષ દરમિયાન નાપાસ જાહેર થયેલા ૮ નમૂનાઓ સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તેમાં ૬ નમૂનાઓ પનીર અને ૧-૧ નમૂનાઓ ખોયા તથા ખજૂરના સમાવેશ થાય છે.

વિભાગને સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ (એફએસડબલ્યુ) વાહન મારફતે વિવિધ વિસ્તારોમાં મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ, ખાદ્ય પદાર્થોના નમૂનાઓનું સ્થળ પર જ પરીક્ષણ, તેમજ ખાદ્ય વ્યવસાયકારો અને નાગરિકોમાં ફૂડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવા માટે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગે શંકા જણાય અથવા કોઈ ફરિયાદ હોય તો નાગરિકો પાસેથી અરજી સ્વીકારી જરૂરી તપાસ અને અનુરૂપ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે.ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય સુરક્ષા જળવાઈ રહે અને નાગરિકોને ગુણવત્તાયુક્ત તથા સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય તે માટે સતત દેખરેખ અને નિયંત્રણની કામગીરી કરવામાં આવી રહી છે.

# નંદાણા ગામે રસોઈ પીરસતી વેળાએ યુવાનનું હૃદય થંભી ગયુ

ખંભાળિયા : કલ્યાણપુરના નંદાણા ગામે ખાનગી કંપનીના રસોઈ બનાવવાનું કામ કરતા યુવાનનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને આગળની તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામે વિન્ડફાર્મ કંપનીમાં કામ કરતો નુફલ દુખૂ શેખ નામનો ૪૬ વર્ષનો પરપ્રાંતિય યુવાન ગઈકાલે સવારના રસોઈ બનાવી પીરસતો હતો આ વેળાએ તેને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતા તાકીદે સારવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેને મૃત ઘોષિત કર્યો હતો. આ બનાવ અંગે સારેક બદરૂદ્દીન શેખ દ્વારા કલ્યાણપુર પોલીસમાં જાણ કરવામાં આવતા એ. એસ. આઈ. બી. આર. કાગડિયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગર અને અપીયા ગામે જુગારના બે દરોડામાં ૧૧ શખ્સો ઝડપાયા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર તેમજ લાલપુર તાલુકાના અપીયા ગામે પોલીસે જુગાર અંગે બે સ્થળોએ દરોડા કુલ ૧૧ શખ્સોને ઝડપી લઈ તમામ પાસેથી દોઢ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રથમ બનાવમાં લાલપુર તાલુકાના અપીયા ગામના પાદર વિસ્તારમાં જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે "તીન પત્તી રોન પોલીસ" નામનો જુગાર રમાતો હોવાની ખાનગી બાતમીના આધારે લાલપુર પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલ લખમણ ભીમશીભાઈ નંદાણીયા, પરબત પભાભાઈ રાઠોડ, રણમલભાઈ અજાભાઈ જોગલ અને જેઠાભાઈ હમીરભાઈ લાખોત્રા જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૧,૯૭૦ની રોકડ અને ગંજીપત્તાના પાનાં કબજે કરી કલમ ૧૨ હેઠળ ગુનો નોંધ્યો હતો. જ્યારે બે આરોપીઓને નોટિસ આપવામાં આવી હતી.

જ્યારે જામનગર શહેરના વાંબે આવાસ બ્લોક નં. ૨ નજીક જાહેરમાં ઘોડીપાસા વડે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. જ્યાં ઘોડીપાસનો જુગાર રમતા અસલમભાઈ અબ્બાસભાઈ બાબવાણી, નવસાદભાઈ વલીમામદભાઈ સુધાગુનીયા સુમરા, જાવેદભાઈ જુનુસભાઈ સુંભાણીયા વાઘેર, સામળાભાઈ કારાભાઈ સઠીયા ગઢવી, ફિરોજભાઈ કાદરભાઈ સોહરવર્દી ફકીર, કાદરભાઈ અબ્બાસભાઈ બાબવાણી સુમરા અને રહીમભાઈ જુસબભાઈ બાબવાણી સુમરાને ઝડપી પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી રૂ. ૧૭,૮૫૦ની રોકડ, બે ઘોડીપાસા, બે મોટરસાયકલ અને સાત મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૫૨,૮૫૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ અંગે એલસીબીના કોન્સ્ટેબલ ધનશ્યામભાઈ ડેરવાળીયાની ફરિયાદના આધારે ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લાલપુરના મેઘપર પાસે રોડ ક્રોસ કરતા શ્રમિક યુવાનને હડફેટે લેતા મોત નીપજ્યું

જામનગર : જામનગર-ખંભાળિયા હાઈ વે પર મેઘપર પાસે રસ્તો ક્રોસ કરી રહેલ એક યુવાનને બસના ચાલકે હડફેટે લઈ લેતા ગંભીર ઈજાઓ થતા સારવારમાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર-ખંભાળિયા હાઈવે પર મેઘપર ગામે બાપા સીતારામ મોબાઈલની સામે હિટ એન્ડ રનની ઘટનામાં લક્ઝરી બસની હડફેટે બિહારના મૂળ વતની અને હાલ લાલપુર તાલુકાના જોગવડ રામદૂતનગરમાં રહેતા સંટુ કે.આર. સિંઘ નામના ૩૭ વર્ષનો યુવાન મેઘપર ગામે બાપા સિતારામ મોબાઈલની સામે રસ્તો ક્રોસ કરી રહ્યો હતો ત્યારે ખંભાળિયાથી જામનગર તરફ જઈ રહેલી બસ નં. ડી.ડી. -૩ ડબલ્યુ ૯૩૯૯ ના ચાલકે બસને પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી તેને અડફેટે લીધો હતો. જે અકસ્માતમાં સંટુ સિંઘને માથાના ભાગે ગંભીર ઈજા સહિત શરીરે અન્ય ઈજાઓ પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ છોટુકુમાર લાલબાબુ સિંઘે ફરિયાદ નોંધાવતા પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લાલપુર અને કાલાવડમાં પવનચક્કીઓને નિશાન બનાવી કોપર અર્થિંગ વાયરની તસ્કરી

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ અને લાલપુર તાલુકામાં આવેલી વિન્ડ વર્લ્ડ ક્લીન એનર્જી ફોરએવર પ્રાઈવેટ લિમિટેડ કંપનીની પવનચક્કીઓને નિશાન બનાવી કોપર અર્થિંગ વાયરની ચોરીના બે અલગ-અલગ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. બંને બનાવોમાં પાંચ પવનચક્કીમાંથી કુલ રૂપિયા ૭૧,૪૦૦ કિંમતનો કોપર અર્થિંગ વાયર કાપી ચોરી કરી જવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. કાલાવડ ગ્રામ્ય અને લાલપુર પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વિન્ડ વર્લ્ડ ક્લીન એનર્જી કંપનીની પાંચ પવનચક્કીમાંથી કુલ રૂા ૭૧,૪૦૦નો કોપર વાયરની ચોરી

પ્રથમ બનાવ કાલાવડ તાલુકાના હરીપર (મેવાસા) ગામની સીમમાં બન્યો હતો. ગણેશ સિક્યુરિટી એજન્સીના સાઈટ ઈન્ચાર્જ જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાની ફરિયાદ મુજબ, કંપનીની લોકેશન નં. ૫૨૩ અને ૫૨૪ પર આવેલી બે પવનચક્કીના ટ્રાન્સફોર્મર સાથે જોડાયેલો ૧૫૦ એમ.એમ.નો લીલા કવરવાળો કુલ ૫૦ મીટર કોપર અર્થિંગ વાયર કાપી ચોરી કરી લેવામાં આવ્યો હતો. ચોરાયેલા વાયરની કિંમત અંદાજે રૂપિયા ૩૦,૦૦૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ ૨૨ જૂનની રાત્રિથી ૨૪ જૂનની સવારે વચ્ચે બન્યો હોવાનું નોંધાયું છે.

જ્યારે બીજો બનાવ લાલપુર તાલુકાના ગોવાણા ગામની સીમમાં ગણેશ સિક્યુરિટી એજન્સીના સાઈટ ઈન્ચાર્જ કરશનભાઈ નાથાભાઈ પાચરની ફરિયાદ મુજબ, ગોવાણા-ભબરઝર સાઈટ પર આવેલી લોકેશન નં. ૮૫, ૮૭ અને ૮૮ પરની ત્રણ પવનચક્કીના ટ્રાન્સફોર્મરમાંથી મશીન સુધી જતો કુલ ૬૯ મીટર કોપર અર્થિંગ કેબલ વાયર કાપી ચોરી કરવામાં આવ્યો હતો. ચોરાયેલા વાયરની કિંમત રૂપિયા ૪૧,૪૦૦ હોવાનું બહાર આવ્યું છે.

કંપની દ્વારા આંતરિક તપાસ કર્યા બાદ ચોરાયેલો માલ મળી ન આવતા આખરે લાલપુર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા બંને બનાવોમાં અજાણ્યા ચોરોને શોધવા માટે તપાસ ચલાવી રહી છે.

# જામનગરની ડેન્ટલ કોલેજના ૧.૩૬ કરોડના કૌભાંડમાં ડીનનો બચાવ કોર્ટમાં ટક્યો નહીં

જામનગર : જામનગર શહેરની બહુચર્ચિત સરકારી ડેન્ટલ કોલેજમાં થયેલા રૂ. ૧,૩૬,૧૯,૩૫૦ ના સરકારી ફંડના ઉચાપત કેસમાં જામનગરની એડિશનલ સેશન્સ કોર્ટમાં આરોપી શોભિત ગર્ગની જામીન અરજી પર ગઈકાલે હાથ ધરાયેલી સુનાવણી ભારે ગરમાગરમ રહી હતી. સુનાવણી દરમિયાન ચાર તપાસનિશ અધિકારીઓ (આઈ.ઓ.) દ્વારા કોલેજના ડીનનો બચાવ કરતાં કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ડીન દ્વારા કોરા ચેક પર સહી કરવામાં આવી હતી. જોકે, તપાસ અધિકારીઓના આ લૂલા બચાવને કોર્ટે સખત શબ્દોમાં ફગાવી દીધો હતો.

## આરોપીની જામીન અરજીમાં બચાવ પક્ષના વકીલે ડીન દ્વારા રજૂ કરાયેલા વીડિયો અને રોગી કલ્યાણ સમિતિની ગાઈડલાઈન મુદ્દે અનેક સવાલો ઉઠાવ્યા : હવે ચુકાદો ૩૦ તારીખે

કોર્ટે વેધક સવાલ કરતાં સ્પષ્ટ કર્યું હતું કે ડીને બ્લેન્ક (કોરા) ચેક પર સાઈન કરી તે કોઈ કાયદેસરનો બચાવ બની શકે જ નહીં. એક જવાબદાર ડીડીઓ (ડ્રોઈંગ એન્ડ ડિસ્બર્સિંગ ઓફિસર) ક્યારેય કોરા ચેક પર સહી કરી શકે જ નહીં. વધુમાં, કોર્ટે તપાસ અધિકારીઓની કામગીરી પર આકરી નારાજગી વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, "ડીને કહ્યું અને તમે શા માટે માની લીધું?" કોર્ટની આ ટિપ્પણીને પગલે પોલીસની તપાસની દિશા અને નિષ્પક્ષતા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

આ કેસમાં ડીન દ્વારા પોતાના બચાવમાં કોર્ટ સમક્ષ એક વીડિયો રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં આરોપી શોભિત ગર્ગ કથિત રીતે ગુનાની કબૂલાત કરી રહ્યો છે. આ વીડિયો પુરાવા સામે આરોપીના વકીલે આકરા પ્રહારો કર્યા હતા. બચાવ પક્ષના વકીલે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આ વીડિયોમાં આરોપી કોઈ દબાણ કે ધાકધમકી હેઠળ કબૂલાત નથી કરી રહ્યો તેની શું ગેરંટી છે? વધુમાં તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે ડીન કોઈ અધિકૃત તપાસકર્તા અધિકારી નથી, તો પછી તેમને આવો કબૂલાતનો વીડિયો બનાવવાની જરૂર શા માટે પડી? ડીન દ્વારા ભવિષ્યની જામીન અરજીનો સામનો કરવા માટે અગાઉથી જ આવો વીડિયો ઉતારી લેવો તે અનેક શંકાઓને જન્મ આપે છે. વકીલની દલીલ મુજબ, આ સમગ્ર ઘટનાક્રમ ડીન પોતાનો બચાવ કરવા માટે કોઈ પૂર્વ આયોજિત કાવતરું ઘડી રહ્યા હોય તે તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.

સુનાવણીના અંતિમ તબક્કામાં આરોપીના વકીલ દ્વારા કેન્દ્ર સરકારની 'રોગી કલ્યાણ સમિતિ'ની ગાઈડલાઈન કોર્ટમાં રજૂ કરીને કેસમાં નવો વળાંક આપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ સરકારી માર્ગદર્શિકા મુજબ દરરોજ નિયમિતપણે ડેઈલી કેસ બુકની (રોકડમેળ) પુરાંત મેળવીને ક્લોઝિંગ બેલેન્સ મેળવી ડીન સ્પેસિફાય, સહી કરવી ફરજિયાત હોય છે. કોર્ટ સમક્ષ દ્રષ્ટાંત આપતા તેમણે જણાવ્યું કે, માની લઈએ કે ડીન દ્વારા કોરા ચેકમાં સહી કરવામાં આવી હતી, પરંતુ ગાઈડલાઈન મુજબ રજિસ્ટરમાં રકમ અને સમય (કલાક-મિનિટ) તો નોંધાયેલા હોવા જ જોઈએ અને તેનું નિયમિત ક્લોઝિંગ બેલેન્સ પણ ફરજિયાત ટેલી થવું જોઈએ, જે આ કિસ્સામાં શંકાસ્પદ છે. બંને પક્ષોની ઉગ્ર દલીલો અને કાયદાકીય છણાવટ બાદ, આરોપીના વકીલના જણાવ્યા અનુસાર, કોર્ટ દ્વારા આગામી ૩૦મી તારીખે આ જામીન અરજી પર પોતાનો અંતિમ ઓર્ડર આપવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ રહેલી છે.

# જામનગરમાં બીએએમએસ પરીક્ષાના પ્રશ્ને એબીવીપીએ પાઠવ્યું આવેદન




તસવીરઃ સુનિલ ચુડાસમા

## પરીક્ષાના મહત્વના મુદા વાયરલ થયાનો આક્ષેપ, દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ

જામનગર : અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) જામનગર મહાનગર દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિને આવેદનપત્ર પાઠવી બીએએમએસના શલ્ય તંત્ર–૧ વિષયની પરીક્ષા પૂર્વે પ્રશ્નોના મહત્વના મુદ્દાઓ સોશિયલ મીડિયા, ખાસ કરીને વોટ્સએપ પર વાયરલ થયાના આક્ષેપને ગંભીર ગણાવ્યો છે. પરિષદે જણાવ્યું છે કે આવી ઘટના યુનિવર્સિટીની પરીક્ષા પ્રણાલીની પારદર્શિતા પર પ્રશ્નો ઉભા કરે છે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં સમાન છે.

આવેદનમાં જણાવાયું છે કે વિદ્યાર્થીઓ સતત મહેનત અને પરિશ્રમથી પરીક્ષાની તૈયારી કરતા હોય છે ત્યારે પ્રશ્નપત્ર સંબંધિત માહિતી પરીક્ષા પહેલાં જ વાયરલ થવી અત્યંત નિંદનીય બાબત છે. એબીવીપીએ આ સમગ્ર મામલે રચાયેલી તપાસ સમિતિ તાત્કાલિક તપાસ પૂર્ણ કરી સંડોવાયેલા તમામ લોકોના નામ જાહેર કરે તેમજ જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

આ આવેદન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી), જામનગર મહાનગરના નગરમંત્રી રાજવીર ગઢવી દ્વારા આપવામાં આવ્યું છે.

# ખાખરડા ગામે મહાકાય મગરનું દિલધડક રેસ્ક્યુ




કલ્યાણપુર : કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે વિરેન્દ્રસિંહ જાડેજાની વાડીમાં મગર આવી ચડ્યો હતો. જેને લઈ લોકોમાં દોડધામ થઈ ગઈ હતી. આ અંગે વાઈલ્ડ લાઈફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભાટીયા જી. એન.માડમને જાણ કરતા રેન્જ સ્ટાફ તથા ગણેશગઢ જીવદયા ટ્રસ્ટ સાથે દોડી જઈ મગરનું રેસ્ક્યુ કર્યુ હતું. ત્યારબાદ તેને કુદરતી વાતાવરણમાં મુક્ત કરાયુ હતુ.